પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૦૨, કુલ પાના:૪, તારીખ: ૨૪-૦૮-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 02 PRICE :-RS. 1.50 DATE : 24-08-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## નાણામંત્રી નિર્મલા સીતારમણે

# નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈનનો કર્યો શુભારંભ, ૬ લાખ કરોડ એકઠા કરવાનું લક્ષ્ય

ન્યુ દિલ્હી,

નાણામંત્રી નિર્મલા સીતારમણે સોમવારે સાંજે (૨૩ ઓગસ્ટ, ૨૦૨૧) MNP એટલે કે નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન લોન્ચ કરી હતી. જેના દ્વારા સરકાર આગામી ચાર વર્ષમાં વિનિવેશ કરવા માટેની માળખાકીય સંપત્તિઓની યાદી તૈયાર કરવામાં આવશે. નાણાં મંત્રાલય આ દ્વારા ૬ લાખ કરોડ એકઠા કરવાનું લક્ષ્ય ધરાવે છે.




ખાનગીકરણ અને વિનિવેશમાં ફરક છે. જો સરકારી કંપની (PSU)નું ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે તો સરકાર તેમાં પોતાનો ૫૧% હિસ્સો ખાનગી ક્ષેત્રને વેચે છે. વિનીવેશ અથવા ડિસઈન્વેસ્ટમેન્ટની પ્રક્રિયામાં સરકાર તેના કેટલાક હિસ્સાને વેચે છે, પરંતુ તેની માલિકી PSUમાં રહે છે.

આ પ્રસંગે નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે કહ્યું કે સરકાર નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈનની સફળતા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે. અમને લાગે છે કે વધુ સારી કામગીરી અને જાળવણી માટે સરકારી સંસ્થાઓમાં ખાનગી ક્ષેત્રને લાવવું ખૂબ જ જરૂરી છે. આવી સ્થિતિમાં અમે ગ્રાઉન્ડ લેવલ પર ખૂબ જ મજબૂત રીતે કામ કરી રહ્યા છીએ.

રેલ, રોડ, પાવર સેક્ટરમાં થશે મુદ્રીકરણ : નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે જણાવ્યું હતું કે આગામી ચાર વર્ષ દરમિયાન સંપત્તિના મુદ્રીકરણ માટેના પ્રોજેક્ટ્સની ઓળખ કરવામાં આવી છે. આગામી ચાર વર્ષમાં રેલ, રોડ, પાવર સેક્ટરને લગતી રૂ.૬ લાખ કરોડની માળખાકીય સંપત્તિનું મુદ્રીકરણ કરવામાં આવશે. એટલે કે આ ક્ષેત્રોમાં ખાનગી ક્ષેત્રમાંથી રોકાણ લાવવામાં આવશે.

આ પ્રોગ્રામને એસેટ મોનેટાઈઝેશન તરીકે પણ ઓળખવામાં આવે છે. નાણાકીય નિષ્ણાતોના મતે કેન્દ્ર સરકાર આ કાર્યક્રમની મદદથી રોકાણકારોને પ્રોજેક્ટનું સ્પષ્ટ ચિત્ર આપી શકે છે. હાઈવે સેક્ટર અને રેલવે તરફથી મહત્તમ મુદ્રીકરણની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે ૨૦૨૧-૨૨ માટે પોતાના બજેટ ભાષણમાં એસેટ મોનેટાઈઝેશનને નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ ફાઈનાન્સિંગ વિકલ્પ ગણાવ્યો હતો. સરકાર સંપત્તિના મોનેટાઈઝેશનને માત્ર ભંડોળના સાધન તરીકે જ નહીં પરંતુ માળખાગત પ્રોજેક્ટ્સની જાળવણી અને વિસ્તરણ માટેની વધુ સારી વ્યૂહરચના તરીકે જોઈ રહી છે.

# કોરોનાની ત્રીજી લહેરથી બાળકોને વધુ ખતરો : ગૃહ મંત્રાલયની સમિતિ

ન્યુ દિલ્હી,

નીતિ આયોગના સભ્ય વીકે પોલની પ્રમુખતાવાળા જૂથે ગયા મહિને ત્રીજી લહેરને લઈને સલાહ આપી હતી. તેમા કહેવામાં આવ્યું હતું કે જો ભવિષ્યમાં કોવિડના કેસો વધે છે તો દર ૧૦૦ કોરોના સંક્રમિતોમાંથી ૨૩ને હોસ્પિટલમાં દાખલ કરાવાની જરુરત પડી શકે છે. તેવી સ્થિતિમાં પહેલાથી જ ૨ લાખ ICU બેડ તૈયાર રાખવા પડશે.કોરોનાની ત્રીજી લહેર લઈને ગૃહ મંત્રાલયની એક પેનલે પ્રધાનમંત્રી કાર્યાલય (PMO)ને ચેતાવણી જાહેર કરી છે. નેશનલ ઈંસ્ટીટ્યૂટ ઓફ ડિઝાસ્ટર(NIDM) પ્રમાણે બનાવામાં આવેલી સમિતિએ ઓક્ટોબરમાં સંક્રમણ પીક પર પહોચશે તેવી ચેતાવણી જાહેર કરી છે. સમિતિએ તેની બાળકો પર સૌથી વધુ અસર થશે તેવી વાત કહી છે અને અત્યારથી જ તૈયાર રહેવાનું એલર્ટ આપ્યુ છે. પેનલે હોસ્પિટલોમાં પૂરી તૈયારીઓ રાખવાની સલાહ આપી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેશમાં બાળકો માટે મેડિકલ સુવિધાઓ, વેન્ટીલેટર, ડોક્ટર, મેડિકલ સ્ટાફ, એમ્બ્યુલન્સ, ઓક્સિજનની પૂરી વ્યવસ્થા હોવી જોઈએ. માનવામાં આવી રહ્યુ છે કે ત્રીજી લહેરની મહત્તમ અસર બાળકો અને યુવાઓ પર થશે. તેવામાં તેમને અત્યારથી જ સાવધાની રાખવાની જરૂર છે. આ રિપોર્ટ એવા સમયે સામે આવ્યો છે, જ્યારે બાળકો માટે વેક્સિનેશન શરુ કરવાની તૈયારી ચાલી રહી છે. સમિતિએ પણ મોટી સંખ્યામાં બાળકોના વેક્સિનેશનની જરૂરીયાત ગણાવી છે. આ સાથે જ કોવિડ વોર્ડને એ પ્રમાણે તૈયાર કરવાની સલાહ આપી છે કે બાળકોના પેરેન્ટ્સ પણ બાળક સાથે રહી શકે. રિપોર્ટ પ્રમાણે, સપ્ટેમ્બરના અંત સુધી ત્રીજી લહેર પોતાની અસર દેખાડવાની શરુ કરશે. ત્યાંજ ઓક્ટોબરમાં દેશમાં દરરોજ ૫ લાખથી વધુ કેસ આવી શકે છે. આશરે ૨ મહિના સુધી દેશને ફરી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. કેટલાક રાજ્યોમાં ફરી લોકડાઉનની જરૂરત પણ પડશે. નીતિ આયોગે આ પહેલા સપ્ટેમ્બર, ૨૦૨૦માં પણ કોરોનાની બીજી લહેરને લઈને સંભાવના વ્યક્ત કરી હતી. આયોગે ૧૦૦ સંક્રમિતોમાંથી ગંભીર કોવિડ લક્ષણો ધરાવનાર આશરે ૨૦ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂરત ગણાવી હતી, પરંતુ હવેની સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. દેશમાં રવિવારે ૨૫,૪૨૦ કોરોના કેસ સામે આવ્યા અને ૪૪,૧૦૩ લોકો સાજા થયા. સતત ત્રીજા દિવસે સાજા થનારા દર્દીઓની સંખ્યા નવા દર્દીઓ કરતા વધારે હતી. તે સિવાય ૩૮૫ દર્દીઓના મોત થયા. હજી સુધી ૩.૧૬ કરોડ લોકો રિકવર થઈ ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસમાં ૧૯,૦૭૧નો ઘટાડો નોધાવ્યો છે. વર્તમાનમાં ૩.૨૮ લાખ સક્રિય કેસો છે.

# રાજ્યના તમામ જ્વેલર્સની સરકારના HUID કાયદાના વિરુદ્ધમાં હડતાળ

અમદાવાદ,

હોલમાર્ક સેન્ટર સામે કોઈ વાંધો નથી પરંતુ યુનિક આઈ.ડી. નિયમ સામે વાંધો છે. કેમ કે તે મુજબ હોલમાર્ક કરવા માટે દરેક દાગીનાની રજીસ્ટરમાં નોંધ કરાવી, ફોટા પાડવા ફરજીયાત છે જે કળાકૂટ વાળું કામ છે અને ઘણા નાના વેપારીઓ પોતે શિક્ષિત ન હોય તેમજ શિક્ષિત માણસોને નોકરી પર રાખી શકે તેમ ન હોય અને આવા વેપારીઓથી કોઈ ટેકનિકલ ભૂલ થાય તો આ કાયદા મુજબ સુધી ધરપકડની જોગવાઈ છે તે અવ્યવહારુ છે જેથી તેનો વ્યવહારુ ઉકેલ લાવવાની અમારી માગણી છે. ગુજરાત જ્વેલર્સ એસોસિએશનના પ્રમુખ ઝવેરીભાઈએ જણાવ્યું કે, અમારા જ્વેલર્સ એસોસિએશનનો સરકાર સામે વિરોધ નથી. આજે સરકારનું ધ્યાન દોરવા માટે અમે હડતાળ કરી છે. HUID ના કારણે અમારી ડિઝાઈન અને ક્વોન્ટિટીની ગોપનિયતા જળવાતી નથી. સાથે ગ્રાહકની પણ ઓળખ આમાં જાહેર થાય છે. આના કારણે અમને ઘણું નુકસાન થાય છે. અમે હોલમાર્કના કાયદાના સમર્થનમાં છીએ. પરંતુ HUID નો અમને વિરોધ છે. આ કાયદાથી નાના કારીગરો બેકાર થઈ ગયા છે. આજે તમામ જ્વેલર્સ રાજયમાં બંધ રાખશે જેથી કરોડોનું ટર્ન ઓવર અટકશે. રાજકોટના સોની બજારના વેપારી અરવિંદભાઈ સોનીએ જણાવ્યું હતું કે, હોલમાર્ક સામે અમારો વિરોધ નથી. પરંતુ તેની HUDI નંબર લગાવવાના નવા નિયમ સામે અમારો વિરોધ છે. આ પ્રક્રિયા કરતા ઓછામાં ઓછા પથી ૭ દિવસ લાગે છે. કોઈ પણ ગ્રાહક બહારગામથી આવે તો તેને ત્વરિત આ દાગીના આપી શકાતા નથી. માટે આ જટિલ પ્રક્રિયાનો નિર્ણય સરકાર દ્વારા જલ્દીથી રદ કરવામાં આવે તેવી અમારી માગ છે. જો રદ કરવામાં નહિ આવે તો આગામી દિવસોમાં એસોસિયેશન નિર્ણય કરશે તે મુજબ લડત ચાલુ રાખવામાં આવશે. સુરત જ્વેલર્સ એસોસિયેશનના પ્રમુખે જણાવ્યું હતું કે, સલીમ દાગીનાવાલાએ જણાવ્યું હતું કે, નાના જ્વેલર્સ આ લાંબી પ્રક્રિયાને પહોંચી શકે તેમ નથી. મુખ્ય તો જરાક પણ નાની ભૂલ થાય તો તેમાં લાઈસન્સ કેન્સલથી લઈને દંડ સુધીની જોગવાઈ છે. જેના કારણે જ્વેલર્સે કામ કરવું મુશ્કેલ થાય તેમ છે. હોલમાર્કિંગ આવકાર્ય છે, પરંતુ, એચયુઆઈડીનો વિરોધ છે, જેને લઈને સુરતના અંદાજે ૨૫૦૦ જ્વેલર્સ આજે બંધ પાળ્યો છે.

દેશભરમાં કેન્દ્ર સરકારે હોલમાર્ક અને HUIDનો કાયદો અમલ આ મુક્યો હતો. આ કાયદાને લઈને સોનાના વેપારીઓને મુશ્કેલીઓ પડતી હોવાથી તેઓએ કેન્દ્ર સરકારને રજુઆત પણ કરી હતી. સાથે તેઓએ સાંસદ, ધારાસભ્ય અને સરકારના ઉચ્ચ અધિકારીઓને પણ આ બાબતે જાણ કરી હતી. તેઓએ હોલમાર્ક ના કાયદાને તો સ્વીકાર્યો પણ બીજી તરફ કહ્યું કે, HUID કાયદા અમારા માટે યોગ્ય નથી. આમાં બહુ જટીલ અને લાંબી પ્રકિયા છે જેથી અમારે કામ થતા નથી. જેથી આજે ગુજરાત જ્વેલર્સ એસોસિએશને સમગ્ર રાજ્યમાં આ બાબતને લઈને સરકારનું ધ્યાન દોરવા માટે ટોકન હડતાલ કરી છે. અમદાવાદ, સુરત તથા રાજકોટના જ્વેલર્સ પણ આ હડતાળમાં જોડાયા છે.

# મોઘવારીએ માજા મુકી : તેલમાં તોતિંગ ભાવ વધારાથી લોકો પરેશાન

અમદાવાદ,

ખાદ્યતેલના ભાવની વધઘટ પામોલીન તેલ પર આધાર રાખે છે. પામોલીન તેલ મલેશીયા અને ઈન્ડોનેશીયાથી આયાત થાય છે. આ તેલ પર ડ્યુટી લાગતી હોવાથી તે તેલનો ભાવ વધે તો બીજા તેલનો ભાવ પણ વધી જાય છે. શહેરમાં સીંગતેલ, કપાસીયા, સનફલાવર અને મકાઈનું તેલ હાલ વધારે ખવાય છે. જેમાં સન ફ્લાવરમાં રૂા.૬૫૦ અને મકાઈમાં રૂા.૧૦૦૦નો ભાવ વધારો થયો છે. જ્યારે સૌથી વધુ ભાવ વધારો કપાસીયા તેલમાં રૂા.૧૧૦૦નો વધારો થયો છે. ઉલ્લેખનિય છે કે, પામોલીન તેલમાં ૧ વર્ષમાં જ રૂા.૮૦૦નો વધારો નોંધાયો હતો. શ્રાવણ મહિનો શરૂ થતાં જ તહેવારોની સિઝન શરૂ થઈ ગઈ છે. જોકે તહેવારો ટાણે જ ખાદ્યતેલમાં બેથી ત્રણ ગણો ભાવ વધારો થતાં શહેરના મધ્યમવર્ગીય પરિવારોનાં બજેટ ખોરવાઈ ગયાં છે. પેટ્રોલ ઉપરાંત ખાદ્યતેલના ભાવ કુદકે ને ભુસકે વધી રહ્યાં છે ત્યારે મધ્યમવર્ગને બેવડો માર વાગ્યો છે. પહેલાં લોકો સિઝનમાં સિંગતેલ અને કપાસીયા તેલના બારેમાસના ડબ્બા ખરીદતા હતાં. પણ ભાવ વધારાના કારણે લોકોએ ડબ્બા ખરીદવાનું ઓછું કરી દીધું છે. લોકો ૧ લિટરથી ૫ લિટરનું પાઉચ ખરીદવા મજબૂર બન્યાં છે. શહેરમાં સિંગતેલ અને કપાસિયા તેલ સૌથી વધુ ખવાય છે ત્યારે ૧૫ કિલોના ભાવ જોઈએ તો સિંગતેલમાં એક વર્ષમાં રૂા.૭૯૦ અને કપાસિયામાં રૂા.૧૧૦૦નો ભાવ વધારો થયો છે. બીજી તરફ પામોલીન રૂા.૨૧૦૦ પ્રતિ ૧૫ લીટરે વેચાય છે. સીંગતેલ અને કપાસીયાથી પામોલીન તેલ સસ્તું હોવાથી હોટલ,રેસ્ટોરાં અને લારીઓમાં મોટાભાગે પામોલીનનો જ ઉપયોગ થઈ રહ્યો છે. શહેરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ તોતિંગ વધારો થયો છે. જેમાં હાલ શહેરમાં પેટ્રોલનો ભાવ રૂા.૯૮.૧૫ અને ડિઝલનો ભાવ રૂા.૯૫.૬૬ નોંધાયો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, છ મહિના પહેલા શહેરમાં પેટ્રોલનો ભાવ પ્રતિ લીટર રૂા.૮૭.૩૯ અને ડિઝલનો પ્રતિ લિટર ભાવ રૂા.૮૬.૭૮ રૂપીયા હતો. આમ છ મહિનામાં પેટ્રોલમાં રૂા.૧૦.૭૬ અને ડિઝલમાં રૂા.૮.૮૮નો ભાવ વધારો થયો છે. આ ભાવ વધારાને કારણે અન્ય જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવ પણ વધી રહ્યા છે.

# ચારેય શહેરો વચ્ચેની વિમાની સેવાઓનું આખરે બાળમરણ થઈ ગયુ

અમદાવાદ,

ગુજરાતમાં કેન્દ્ર સરકારની ઉડાન યોજના અમલમાં મૂકાઈ છે જેના પગલે રાજ્યમાં અમદાવાદથી જામનગર, અમદાવાદથી પોરબંદર, અમદાવાદથી કંડલા,અમદાવાદથી જલગાંવ, અમદાવાદથી ઉદયપુર, અમદાવાદથી બેલગાંવ, અમદાવાદથી હુબલી, સુરતથી કિસનગઢ, સુરતથી જેસલમેર, અમદાવાદથી કિશનગઢ વચ્ચે વિમાની સેવાઓનો પ્રારંભ કરાયો હતો. ઉડાન યોજના હેઠળ ગુજરાતના મોટા શહેરોમાં વિમાની સેવાઓ શરૂ કરવામાં આવી હતી પણ તે પૈકી કેટલાક શહેરોમાં વિમાની સેવાઓનુ બાળમરણ થયુ છે. પુરતા વિમાની મુસાફરો ન મળતા આર્થિક રીતે નુકશાન વેઠવુ પડે તેમ હોઈ એરલાઈન્સ કંપનીઓએ વિમાની સેવા જ બંધ કરી દીધી હતી. જોકે, છેલ્લા બે વર્ષમાં ગુજરાતના ચાર શહેરો વચ્ચે વિમાની સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી. અમદાવાદથી જામનગર, અમદાવાદથી મુંદ્રા, અમદાવાદથી ભાવનગર અને અમદાવાદથી દિવ વચ્ચે વિમાની સેવાઓ બંધ કરાઈ હતી. આ ચારેય શહેરો વચ્ચેની વિમાની સેવાઓ શરૂ કરાઈ પણ પુરતા મુસાફરો ન મળતા આ રૂટની વિમાની સેવાઓનું આખરે બાળમરણ થઈ ગયુ હતું.

# જમ્મુ-કાશ્મીરમાં જોવા મળ્યુ ડ્રોન, તપાસ અભિયાન ચલાવી રહી છે સેના

શ્રીનગર,



જમ્મુ વિભાગના અરનિયા સેક્ટરમાં એક ડ્રોન જોવા મળ્યુ. જેની માહિતી પર પોલીસ અને બીએસએફની ટીમ તપાસ અભિયાન ચલાવી રહ્યુ છે. હજુ સુધી કોઈ પુનઃ પ્રાપ્તિ થઈ નથી. કલમ ૩૭૦ હટાવવા અને ખાસ કરીને આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં થયેલા સીઝફાયર સમાધાન બાદથી ડ્રોન ગતિવિધિઓમાં વધારો જોવા મળ્યો છે. ખીણમાં અમન બહાલીથી પાકિસ્તાન અકળાયુ છે. આના કારણે સરહદ પારથી આતંકી ઘટનાઓને અંજામ આપવા અને આતંકવાદીઓ સુધી હથિયાર પહોંચાડવા માટે ડ્રોનનો સહારો લેવામાં આવી રહ્યો છે. એલઓસી અને આઈબી પર સેનાની તૈનાતીના કારણે ઘૂસણખોરીમાં નાકામ પાકિસ્તાન ડ્રોનનો સહારો લઈ રહ્યુ છે. જમ્મુ-કાશ્મીરથી લઈને પંજાબ સુધી પાકિસ્તાન પોતાની નાપાક હરકતોને અંજામ આપવાનો પ્રયત્ન કરે છે. એક અધિકારીએ જણાવ્યુ કે સવારે લગભગ ૫:૩૦ વાગે આંતરરાષ્ટ્રીય સરહદ નજીક અરનિયા સેક્ટરમાં સૈનિકોએ આકાશમાં લાલ અને પીળી રોશની જોવા મળી. જેને નિશાન બનાવતા સૈનિકોએ ૨૫ રાઉન્ડ ફાયરીંગ કર્યુ. જે બાદ ડ્રોન પાકિસ્તાન તરફ ગયુ.

# સમયસર અમેરિકી સેના પરત ના ફરી તો ગંભીર પરિણામ ભોગવવા તૈયાર : તાલિબાન

કાબુલ,

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબ્જા બાદથી કાબુલ એરપોર્ટ પર નિરાશાનો નજારો જોવા મળી રહ્યો છે. લોકો તાલિબાનથી બચવા માટે બધુ જ છોડીને પોતાના જીવને જોખમમાં નાખવા માટે તૈયાર છે. જ્યારે આ મુદ્દે તાલિબાનના પ્રવક્તા સુહૈલ શાહીનને પૂછવામાં આવ્યુ તો તેમણે આ વાતને ફગાવી દીધી. તેમણે કહ્યુ, હુ તમને વિશ્વાસ અપાવુ છુ કે આ ચિંતિત અથવા ડરવા વિશેનુ નથી. તે પશ્ચિમી દેશમાં રહેવા ઈચ્છે છે. કેમ કે અફઘાનિસ્તાન એક ગરીબ દેશ છે અને અફઘાનિસ્તાનના ૭૦ ટકા લોકો ગરીબી રેખા નીચે રહે છે. તેથી દરેક પશ્ચિમી દેશમાં એક સમૃદ્ધ જીવન માટે વસવા ઈચ્છે છે. આ ડર વિશે નથી. તાલિબાને સીધા સીધા અમેરિકાએ ધમકી આપી દીધી છે. તાલિબાને કહ્યુ કે જો બાઈડન સરકારે અફઘાનિસ્તાનથી પોતાના સૈનિકોને ના બોલાવ્યા તો ગંભીર પરિણામ ભોગવવા પડશે. તાલિબાનના પ્રવક્તા સુહેલ શાહીને કહ્યુ કે અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડેન ૩૧ ઓગસ્ટે અફઘાનિસ્તાન છોડવાની વાત કહી ચૂક્યા છે. બાઈડને પોતાની વાત પરથી પીછેહઠ કરવાનો કોઈ અર્થ નથી. તાલિબાને સ્પષ્ટ કહ્યુ કે ૩૧ ઓગસ્ટ કરતા એક દિવસ પણ વધારાનો સમય મળશે નહીં. જો ૩૧ ઓગસ્ટ કરતા એક દિવસ પણ વધારાનો અમેરિકા અને બ્રિટન માગે છે તો તેનો જવાબ ના જ હશે અને સાથે જ ગંભીર પરિણામ પણ ભોગવવા પડશે.

# પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહ પંચતત્વમાં વિલીન થયા

લખનઉ,



ભૂતપૂર્વ મુખ્યમંત્રીની અંતિમ યાત્રામાં શ્રદ્ધાંજલિ આપવા માટે અલીગઢના રસ્તાઓ પર લોકોની ભીડ ઉમટી પડી છે. હજારોની સંખ્યામાં લોકો સ્ટેડિયમથી અતરૌલી સુધી રસ્તાની બંને બાજુ ઉભા છે. લોકો પૂર્વ મુખ્યમંત્રીના પાર્થિવદેહ પર ફૂલ વરસાવી રહ્યા છે. ચારે તરફ 'કલ્યાણ સિંહ અમર રહે'ના નારા ગુંજી રહ્યા હતા. કલ્યાણ સિંહ અંતિમ યાત્રા પર નીકળી ચૂક્યા છે.તેમનો પાર્થિવદેહ અલીગઢના સ્ટેડિયમથી અતરૌલી તરફ લઈ જવામાં આવી રહ્યો છે. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને રાજસ્થાન-હિમાચલ પ્રદેશના પૂર્વ રાજ્યપાલ કલ્યાણ સિંહ પંચતત્વમાં વિલીન થઈ ગયા છે. રાજકીય સન્માનની સાથે બુલંદશહેર જિલ્લાના નરૌરા સ્થિત બંશી ઘાટ પર તેમના અંતિમ સંસ્કાર થયા. તેમના પુત્ર રાજવીર સિંહએ તેમને મુખાગ્નિ આપી. આ પહેલા રક્ષામંત્રી રાજનાથ સિંહ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મોર્ય સહિત ઘણા મોટા નેતાઓએ સીએમને શ્રદ્ધાંજલિ આપી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ડેપ્યુટી ઝસ કેશવ પ્રસાદ મૌર્ય સહિત ઘણા મોટા નેતાઓ હાજર છે. પૂર્વ સીએમના અંતિમ સંસ્કાર રાજકીય સન્માન સાથે કરવામાં આવશે. આ માટે બંશી ઘાટ પાર ૨૦ કિલો ચંદનના લાકડા, ૫ ક્વિન્ટલ સામાન્ય લાકડું, ૫૦ કિલો કેસર કપૂરની સામગ્રી, ૬૦ કિલો ઘીની વ્યવસ્થા કરવામાં આવી છે. અંતિમ સંસ્કારની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. વૈદિક મંત્રોચ્ચાર પણ શરૂ થઈ ગયા છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ કલ્યાણ સિંહના પાર્થિવદેહના અંતિમ દર્શન કર્યા હતા. બસપાના રાષ્ટ્રીય રાષ્ટ્રપતિ માયાવતીએ કલ્યાણ સિંહના અંતિમ દર્શન કર્યા. માયાવતીએ અહીં પૂર્વ મુખ્યમંત્રીના પૌત્રને મળીને શોક વ્યક્ત કર્યો હતો. આરએસએસના દત્તાત્રેય હોસબોલેએ પૂર્વ મુખ્યમંત્રીને શ્રદ્ધાંજલિ આપી હતી. વડાપ્રધાને અંતિમ દર્શન બાદ મીડિયાને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું, 'આ આપણા બધા માટે શોકનો સમય છે. કલ્યાણ સિંહના માતા-પિતાએ તેનું નામ કલ્યાણ સિંહ રાખ્યું હતું. તેમણે પોતાના માતાપિતાએ આપેલ નામને સાર્થક કર્યું. તેઓ જીવનભર લોકોના કલ્યાણ માટે જ જીવ્યા. તેમણે લોકોના કલ્યાણ માટે પોતાનું મન બનાવ્યું. તેમણે પોતાનું જીવન ભારતીય જનતા પાર્ટી, ભારતીય જનસંઘ અને દેશને માટે સમર્પિત કરી દીધું. કલ્યાણ સિંહ ભારતના ખૂણે-ખૂણામાં એક વિશ્વાસનું નામ બની ગયા હતા.' વડાપ્રધાને વધુમાં કહ્યું, 'કલ્યાણ સિંહ પ્રતિબદ્ધ નિર્ણય લેનારનું નામ બની ગયું હતું. તેમણે પોતાના જીવનનો મહત્તમ સમય લોક કલ્યાણ માટે પસાર કર્યો. જ્યારે પણ તેમની પાસે જવાબદારી હોય તેને તેમણે સારી રીતે નિભાવી. સરકાર, સંગઠન જે પણ જવાબદારી મળી, તેમણે તેને પૂરી કરી. દેશે એક મૂલ્યવાન વ્યક્તિત્વ ગુમાવ્યું છે. હું ભગવાન શ્રી રામ ને પ્રાર્થના કરું છું કે તેઓ તેમને પોતાના ચરણોમાં સ્થાન આપે. તેમના પરિવાર અને સમર્થકો આ દુખ સહન કરવાની શક્તિ આપે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ લખનઉ પહોંચ્યા હતા. બંનેએ નિવાસસ્થાને પહોંચીને પૂર્વ મુખ્યમંત્રીને શ્રદ્ધાંજલિ આપી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બસપાના રાષ્ટ્રીય અધ્યક્ષ માયાવતીએ કલ્યાણ સિંહને અંતિમ શ્રદ્ધાંજલિ આપી હતી. માયાવતી અહીં પૂર્વ મુખ્યમંત્રીના પૌત્રને મળ્યા હતા અને પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા લખનઉ પહોંચ્યા હતા અને પૂર્વ મુખ્યમંત્રીને શ્રદ્ધાંજલિ આપી હતી. નડ્ડાએ વડાપ્રધાનની સામે જ કલ્યાણસિંહના પાર્થિવદેહ પર ભાજપનો ધ્વજ રાખ્યો હતો. કલ્યાણ સિંહની અંતિમ ઈચ્છા હતી કે તેમના મૃત્યુ બાદ તેમનો પાર્થિવદેહ ભ્ત્રંના ધ્વજમાં લપેટવામાં આવે.

# ગુજરાતમાં યુવાપેઢી બેરોજગારીના કાળચક્રમાં ફસાઈ

સુરત,

૫૨મા ખાસ પદવીદાન સમારંભમાં ૧૧ ફેકલ્ટીમાં ડિગ્રી લેનારા એક હજાર વિદ્યાર્થી વધ્યા છે. વર્ષ ૨૦૨૦ના ઓગસ્ટના ૫૧મા ખાસ પદવીદાનમાં ૩૪૬૮ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઈ હતી. જો કે, તે સમયે કોરોના વધુ હોવાથી સમારંભ ઓનલાઈન યોજાયો હતો. પરંતુ હવે કેસોની સંખ્યા ઘટતા ઓફલાઈન યોજાશે, જેમાં ૪૬૨૨ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગયા વર્ષે કોરોનાને કારણે વિદ્યાર્થીઓએ ડિગ્રી લેવા રજિસ્ટ્રેશન નહીં કરાવવા સાથે પરીક્ષાઓ પણ મોડી ચાલી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ૨૪ ઓગસ્ટે ૫૨મો ખાસ પદવીદાન સમારંભ યોજાશે. આ અંગે યુનિવર્સિટીએ છેલ્લા બે વર્ષ કે તેથી અગાઉ અભ્યાસ પૂર્ણ કર્યો હોય અને ડિગ્રી લેવાની બાકી હોય એવા અંડર-પોસ્ટ ગ્રેજ્યુએટના વિદ્યાર્થીઓ પાસે ઓનલાઈન ફોર્મ ભરાવ્યા હતા. આ પ્રક્રિયામાં યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ પાસે રોજગારને લગતી માહિતી પૂછી હતી. જેમાં કુલ ૮૦૪૧૭માંથી ૪૮૩૭૫ વિદ્યાર્થીઓએ કહ્યું, કંઈજ નથી કરતા, બેકાર છીએ. હાલની જ વાત કરીએ તો ઓગસ્ટ-૨૦૨૧માં ૪૬૨૨માંથી ૩૧૬ વિદ્યાર્થીઓ નોકરી-ધંધો કરે છે. ૨૨૩ વિદ્યાર્થી નોકરી કરે છે તો ૫૩ પોતાનો ધંધો છે અને ૪૦ કૌટુંબિક ધંધામાં જોડાયેલા છે. તો ૭૭૭ વિદ્યાર્થી ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઘણા વિદ્યાર્થીઓને રોજગારી મળતી ન હોવાની કેન્દ્ર-રાજ્ય સરકારને ફરિયાદો મળી હતી. જેથી બંને સરકારે તમામ યુનિવર્સિટીઓ પાસેથી રોજગાર અંગેની માહિતી માંગી હતી. જોકે, છેલ્લા બે વર્ષ દરમિયાનના આ આંકડા છે, જેમાં ઘણા વિદ્યાર્થીને નોકરી મળી ગઈ હશે અથવા ધંધો કરતા થઈ ગયા હશે. ૨૪મીના ૫૨મા ખાસ પદવીદાન સમારંભમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે. યુનિવર્સિટીએ સૂચના આપી છે કે સમારંભમાં મોબલાઈ બંધ રાખવો પડશે. હોલમાં મીડિયાકર્મી સિવાય કોઈ પણ વ્યક્તિ કેમેરા, બેગ વગેરે લઈ જઈ શકશે નહીં.

યુનિવર્સિટીના કુલપતિ ડો. કે. એન. ચાવડાએ જણાવ્યું હતું કે, નવી વેબસાઈટમાં જોબનો ઓપ્શન મૂકાશે. જેમાંથી વિદ્યાર્થીઓ રોજગારની માહિતી મેળવી શકશે. ઉપરાંત રૂા. ૧.૫૦ કરોડના ખર્ચે યુનિવર્સિટીના કેમ્પસમાં એડમિશન અને જોબ ફેર માટે સ્પેશિયલ બિલ્ડિંગ પણ બનાવાશે. આ માટે રાજ્ય સરકારને દરખાસ્ત પણ મોકલાઈ છે. ડિન ડો. સ્નેહલ જોશીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ આઈએએસ, આપીએસ, યુપીએસઈ અને જીપીએસઈ જેવી સ્પર્ધાત્મક પરીક્ષા આપી રોજગારી મેળવી શકે એ માટે કાઉન્સિલરની નિમણૂક કરાશે. સરકારી અને ખાનગી કંપનીઓની રોજગારીની બાબતો યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકાશે. ઊનાળા વેકેશનમાં વિદ્યાર્થીઓને સ્કિલ ઓરિએન્ટેડ-આઈટીઆઈ જેવા રોજગારલક્ષી કોર્સ પણ ભણાવાશે. ડિફેન્સમાં કરિઅર બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ગ્રેજ્યુએશન બાદ સ્પર્ધાત્મક પરીક્ષાની ટ્રેનિંગ આપાશે.

# લુણાવાડાના મુખ્ય માર્ગો પર પશુઓનો અડિંગો : નગરજનો પરેશાન


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના વડુ મથક લુણાવાડાના મુખ્ય માર્ગો પર પશુઓ અડિગો જમાવતા વાહન ચાલકો તેમજ નજરજનો થયા છે પરેશાન અનેક વખત નાના મોટા અકસ્માત થવાની ઘટનાઓ પણ આવી છે સામે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે રખડતાં પશુઓના ત્રાસ ખુબ વધી જવાના કારણે વારંવાર ટ્રાફિક જામ થવાના દશ્યો સર્જાય છે.આમ નગરના મુખ્ય માર્ગ ઉપર ઢોરનો જમાવળો થતાં અહીથી વાહન પસાર કરવામાં અનેક મુશ્કેલીઓ સર્જાય છે.અને ઘણી વખત અકસ્માત સર્જવાનો ભય પણ રહેલો છે.આમ ભુતકાળમાં પશુઓ દ્વારા નાની મોટી ઈજાઓ થવાની ઘટનાઓ પણ સામે આવી હતી.આમ સરકારી તંત્ર દ્વારા પશુઓને પાંજરાપોળ ખાતે મોકલવામાં આવે તેવી લોકમાંગ ઉઠી હતી.આમ તંત્ર દ્વારા છુટા રખડતા મોકલી દેતા પશુઓના માલિક પર પણ યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તે જરૂરી બન્યુ છે.આમ લુણાવાડા નગરના હાઈવે રસ્તા તથા બારોટવાડાથી દરકોલી તળાવ સુધીના વિસ્તારોમાં પશુઓના અડીગાઓ જોવા મલિ રહ્યા છે.આમ મહીસાગર જિલ્લાનુ લુણાવાડા મુખ્ય મથક હોવાના કારણે વાહન ચાલકો તેમજ મુસાફરો પણ ભારે ઘસારો જોવા મલે છે જો તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવિ વાહનોચાલકોમાં તેમજ નગરજનો માંગ જોવા મલી રહી છે.

આમ, રાતના સમય લુણાવાડા ચોકડી પર ગાય સાથે અકસ્માત થવાની ઘટના પણ સામે આવી હતી.જેથી ગૌ પ્રમી દ્વારા તંત્ર પર આકારા પ્રહાર કરવામાં આવ્યા હતા કે હાલ લુણાવાડા નગરમાં તંત્ર દ્વારા બે દીવસ પહેલા રીક્ષા ફેરવિને જાણ કરવામાં આવી હતિ કે રખડતા ઠોર દેખાશે તો પાંજરાપોળમાં મોકલી આપવામાં આવશે.પણ તંત્ર દ્વારા કોઈ કાયવાહી હાથ ધરવામાં આવી ન હતી.આમ લુણાવાડા ગૌવ પ્રમીઓ દ્વારા ઉગ્ર માંગ ઉઠી છે કે, રખડતા ઠોર પર અંકુશ લાવવામાં આવે કે પછી પાંજળાપોરની વ્યવસ્થા કરવામાં આવે.

# મહીસાગર જિલ્લા કલેકટરની પ્રશ્નોના નિરાકરણ માટેની સંવેદનશીલતા


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
ગ્રામજનોના પ્રશ્નો અને સમસ્યાઓનું સ્થળ ઉપર નિરાકરણ આવી શકે તે માટે જિલ્લા કલેક્ટર ડો. મનિષ કુમાર જિલ્લાના વિવિધ ગામોની સ્થળ મુલાકાત લેતાં હોય છે. આ મુલાકાત દરમિયાન ગ્રામજનો સાથે સંવાદ કરી તેઓના પ્રશ્નો અને સમસ્યાઓ સાંભળીને તેનું સ્થળ ઉપર નિરાકરણ આવે તે માટે જિલ્લા-તાલુકાના અમલીકરણ અધિકારીઓને સ્થળ ઉપર નિકાલ થવા પાત્ર પ્રશ્નો અને સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવતું હોય છે.

તાજેતરમાં મહીસાગર જિલ્લા કલેક્ટર ડો.મનીષ કુમારએ પાંડરવાડા ગામની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ધારાસભ્ય જીજ્ઞેશભાઇ સેવક પણ હાજર રહ્યા હતા. જિલ્લા કલેક્ટરની આ મુલાકાત દરમિયાન ધારાસભ્યની ઉપસ્થિતિમાં ગ્રામજનોએ ગામમાં વારંવાર વીજ વિક્ષેપના પ્રશ્નની રજૂઆત કરી હતી.

પાંડરવાડા ગામના ગ્રામજનોએ કરેલ રજૂઆતના સંદર્ભે કલેકટરએ એમજીવીસીએલના અધિકારીઓને આ બાબતે શું સમસ્યા છે તે પૂછતાં વીજ વિભાગ દ્વારા જણાવાયું હતું કે, ૩૫૦૦ લોકોની વસ્તી ધરાવતા પાંડરવાડા ગામમાં એમજીવીસીએલના અંદાજિત ૯૮૧ વીજ જોડાણ છે. આ વીજ ગ્રાહકોને અગાઉ ૧૧ કેવી ઉડાવા વીજ ટ્રાન્સફોરમર વડે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો. અંદાજે ૪૬.૭ કિમીની આ વીજ લાઇન ૬૬ કેવી બાકોર સબ-સ્ટેશનમાંથી નિકળી કાલાખેતરા કે જે રાજસ્થાન બોર્ડર પર આવેલ છે ત્યાં સુધી જંગલ વિસ્તારમાં થઈને પસાર થાય છે. વધુ લંબાઈના કારણે ફીડરમાં અવારનવાર વીજ વિક્ષેપ ઉભો થવાના પ્રશ્નો થતાં હતા. જેથી પાંડરવાડા ગ્રામજનોએ વીજલાઇનને બદલીને બીજી ૧૧ કેવી બોરવાઈ વીજ લાઇન પરથી ગામને વીજ પુરવઠો મળે એવી રજૂઆત કરી હતી. જે સંદર્ભે એમજીવીસીએલે જરૂરી મંજૂરી મેળવી વીજ લાઇનની કામગીરી ગત સપ્ટેમ્બર મહિનામાં પૂર્ણ કરી હતી. પરંતુ આ વીજ લાઇનને ચાલુ કરતાં પાંડરવાડા ગામમાં વીજ પુરવઠો પુરો પડતાં ૩ માંથી માત્ર બે જ ટ્રાન્સફોર્મરનો વીજ પુરવઠો બીજા ફીડર પર ફેરવી શકાતો હોવાથી એક જ ગામમાં બે અલગ અલગ વીજલાઇનનો સપ્લાય મળે તેવી પરિસ્થિતી થતાં ગ્રામજનોના વિરોધના પગલે જે તે સમયે તેની સ્થિતિ યથાવત રાખવામાં આવી હતી.

મહીસાગર જિલ્લા કલેક્ટરની તાજેતરની પાંડરવાડા ગામની મુલાકાત વખતે પુનઃ એકવાર વીજલાઇનના બાકી રહેલ કામ સંદર્ભે ગ્રામજનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આ અંગે બાકોર પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરને માહિતી મળતા તાત્કાલિક સ્થળ ઉપર હાજર રહી પડતર પ્રશ્ન બાબતે કાર્યપાલક ઈજનેરના પરામર્શમાં રહી મોજણી કરી હતી. મોજણી દરમિયાન જણાયું હતું કે આ પડતર પ્રશ્નનો નિકાલ પાંડરવાડા ગામના છેવાડાના ટ્રાન્સફોર્મરને ગામની નજીક દૂધ મંડળી પાસે આવેલ ટ્રાન્સફોરમર પાસે જગ્યા ફેર કરી સરળતાથી નિવારણ લાવી શકાય છે. આ મોજણીમાં સરપંચ, પંચાયતના સભ્યઓ અને ગ્રામજનો પણ હાજર હતા પરંતુ ટ્રાન્સફોર્મર માટે યોગ્ય જગ્યા બાબતે એક મત ન થતાં કોઈ નિકાલ આવ્યો નહતો.

જિલ્લા કલેકટરના માર્ગદર્શનમાં આ અંગે પુનઃ તાજેતરમાં પાંડરવાડા ગ્રામ પંચાયત કચેરી ખાતે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં સરપંચ, પંચાયતના સભ્યઓ તથા ગામના અગ્રણીઓની સાથે બેઠક યોજી સમસ્યાનું સમાધાન કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાને સર્વાનુમતે નક્કી કરેલ જગ્યાએ ગામની છેવાડાના ટ્રાન્સફોર્મરને દૂધ મંડળી વાળા ટ્રાન્સફોર્મરને નજીક લાવવા માટેની મંજૂરી લઈ રૂા. ૧,૪૮,૭૭૮/-ના ખર્ચે સત્વરે પૂર્ણ કરી દેવામાં આવતાં પાંડરવાડા ગ્રામજનોનો ઘણા સમયથી પડતર પ્રશ્નનો નિકાલ આવતાં ખુશીની લહેર પ્રસરાઇ જવા પામી હતી.

આમ, જિલ્લા કલેકટર ડો. મનિષ કુમારની ગ્રામજનોના પ્રશ્નો અને સમસ્યાઓના નિવારણ માટેની સંવેદનશીલતા અને ત્વરિત કુનેહપૂર્વકના અભિગમની પ્રશંસા કરી આભાર વ્યકત કર્યો હતો. જિલ્લા કલેકટરએ આગવી સૂઝબૂઝથી લાંબા સમયથી પડતર પ્રશ્નનો ટૂંક સમયમાં હકારાત્મક ઉકેલ લાવતાં ગ્રામજનોમાં ખુશીની લાગણી છવાઈ જવા પામી હતી.

## લુણાવાડાના છાપોરા ગામ પાસેથી પસાર થતી કડાણા ડાબા કાંઠા મુખ્ય કેનાલમાં ગાબડું


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
લુણાવાડા તાલુકાના છાપોરા ગામ પાસેથી પસાર થતી કડાણા ડાબા કાંઠા કેનાલમાં મોટું ગાબડું પડતા આસપાસના ખેતરોમાં ઢીંચણ સમાં પાણી ભરાતાં ઉભા પાકને વ્યાપક નુક્સાન થયું છે. છાશવારે છાશવારે પડતા કડાણા ડાબા કાંઠા કેનાલમાં ગાબડા પડતા ખેડૂતોના મોંમા આવલો કોળીયો છીનવાતો હોય તેમ દેખાય છે. ખેડૂતો દ્વારા આ બાબતે તંત્રને જાણ કરી હોવા છતાં આ લખાય છે ત્યાં સુધી અધિકારીએ સ્થળની મુલાકાત લીધી પણ કામ ચાલુ કર્યુંનથી તેમજ ખેડૂતોએ કરેલ ડાગર રોપણી જેવા પાકને પાણી વગર પાક નાશ થશે છેલ્લા પાચ દિવસથી આ ગાબડું પડતાં જવાબ દાર તંત્ર દ્વારા કોઈની કામગીરી ન થતા તંત્ર સામે લોકોએ રોષ ઠાલવ્યો છે. આ વર્ષે મેઘરાજાએ હાથતાળી આપતા રિસામણા લીધા હતા. ત્યારે સરકાર દ્વારા એની ગંભીર નોંધ લઈ કડાણા ડેમ માંથી નીકળતી કડાણા ડાબા કોઠા નહેરમાં ખેડૂતો માટે પાણી છોડવાનો નિર્ણય કરવામાં આવ્યો. ત્યારે આ કડાણા ડાબા કાંઠા નહેર વિસ્તારમાં કુલ ૧૧ હજાર હેક્ટર જમીન છે. ત્યારે હાલ મુખ્ય કેનાલમાં ગાબડું પડતાં કેનાલમાં તંત્ર દ્વારા પાણી બંધ કરવાની ફરજ પડી છે. ત્યારે બીજી તરફ મેઘરાજાએ પણ પધરામણી ના કરતા ખેડૂતો બે તરફના માર માં પીસાઈ રહ્યા છે ત્યારે ખેડૂતોની માંગ છે કે જો આ ગાબડું તાત્કાલિક અસરથી તેનુ સમારકામ કરવામાં આવે તો અમારી ડાંગરની રોપણી કરેલ ખેતી સોળ આની થાય.

## વિરપુરમાં ખ્વાજા દરિયાઈ દરગાહ પર મજાર અચાનક જ હલવા લાગતા શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં દર્શન કરવા ઉમટી પડ્યા



લુણાવાડા,
ગુજરાતમાં સુપ્રસિદ્ધ કહેવાતી ૩ દરગાહ પૈકીની મહીસાગર જિલ્લાની વીરપુરની ખ્વાજા દરિયાઈ દરગાહમાં રહેલ મજાર અચાનક જ હલવા લાગતા લોકોના ટોળેટોળા શ્રદ્ધા ભેર જોવા ઉમટ્યા હતા. ખ્વાજા દરિયાઈ દરગાહમાં આવેલી મજાર પર અચાનક જ મજાર પેહલા છાતીના ભાગે પછી માથા અને હાથના ભાગે અચાનક જ હલતા એક શ્રદ્ધાળુ ભક્ત દ્વારા મોબાઈલમાં વિડીયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો હતો. જેને લઈને લોકો મોટી સંખ્યામાં વિરપુર ખાતે આવેલી દરગાહમાં રહેલી મજારના દર્શનાર્થે ખૂણે ખૂણે થી ઉમટી પડ્યા હતા. હાલમાં ચાલી રહેલા મોહરમના તેહવારમાં અને મોહરમના દસમા દિવસ કેહવાતા આસુરાના દિવસનું મહત્વ મોટું છે અને દસમા દિવસની સાંજે જ વિરપુર ખાતે આવેલી દરિયાઈ દરગાહની મજાર હલવા લાગતા દર્શનાર્થીઓમાં અતૂટ શ્રદ્ધા વ્યાપેલી જોવા મળી હતી. દેશભરમાં સુપ્રસિદ્ધ પામેલી ત્રણ દરગાહમાંની અમદાવાદની શાહ આલમની દરગાહ અને મહિસાગર જિલ્લાની બે દરગાહ એક કારંટા પીર દરગાહ અને વીરપુરની ખ્વાજા દરિયાઈ દરગાહ નુમહત્વ પુરા વિશ્વમાં સુપ્રસિદ્ધ પામ્યું છે. ત્યારે વધુ શ્રદ્ધા લોકોમાં ઉમટે તેવો સાક્ષાત વિરપુરની દરિયાઈ દરગાહ આજે ચમત્કાર થતાં લોકોમાં અતૂટ શ્રદ્ધા બંધાઈ છે. મહિસાગર જિલ્લાની બંને દરગાહ દેશ અને દુનિયામાં વીરપુર અને કારંટાની દરગાહ સુપ્રસિધ્ધછે અને દરગાહ ખાતે મહારાષ્ટ્ર ,રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિત ગુજરાતના ખૂણે ખૂણે થી લોકો દર્શનાર્થે આવે છે. આજે પણ દરગાહમાં રહેલી મજાર પર ચમત્કાર થતા મોટી સંખ્યામાં લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા દરગાહ ખીચો ખીચ લોકો થી જોવા મળી રહી છે.

## આદિવાસી આર્ટસ કોલેજ સંતરામપુર તથા બદલાવ સંસ્થાન ઉદયપુર દ્વારા નેશનલ વેબીનારનું ભવ્ય આયોજન


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
આદિવાસી આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંતરામપુર તથા બદલાવ સંસ્થાન ઉદયપુર ના સંયુક્ત ઉપક્રમે ''ન્યુ ટ્રેન્ડસ ઈન રિસર્ચ મેથોડોલોજી ''વિષય પર તા.૨૦ ઓગસ્ટ ,૨૦૨૧ ના રોજ નેશનલ વેબીનાર નું આયોજન કરવામાં આવ્યું. જેમાં વેબીનાર ના મુખ્ય મહેમાન તરીકે ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ના કુલપતિ પ્રો.પ્રતાપસિંહ ચૌહાણ મુખ્ય ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહી ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા જળવવાના સૂચનો જણાવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંશોધનની નોંધ લેવાય તથા સમાજ,સરકાર અને સામાજિક વિજ્ઞાનોને ઉપયોગી બની રહે એ એકવીસમી સદીની માંગ છે તેમ જણાવ્યું હતું.કાર્યક્રમના ઉદ્ઘાટક ગુજરાત આદિવાસી વિકાસ પરિષદના પ્રમુખ વનરાજભાઈ ડામોર દ્વારા વેબીનારના આયોજન માટે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી. કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ.યતીન્દ્ર સિંહ સિસોદિયા દ્વારા બીજરૂપ વક્તવ્ય આપવામાં આવ્યું હતું.જેમાં તેમણે નવા સંશોધકોને આંતરવિષયક અભિગમથી કોઈપણ ઘટનાને તપાસવાનો પ્રયાસ કરી નવા સંશોધનક્ષત્રોમાં ખેડાણ કરવા પર ભાર મુક્યો હતો.કાર્યક્રમના બીજા વકતા માનનીય ડૉ.એ.કે.વર્મા દ્વારા સંશોધન અહેવાલ તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે વિસ્તૃત છણાવટ કરી હતી.જેમાં તેઓએ વસ્તુલક્ષીતા જાળવવા તથા પ્લેગરિઝમ રહિત સંશોધકો મૌલિક સંશોધન અહેવાલ લખી શકે તે માટે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.વેબિનારના ચેરમેન ડૉ.રમેશ મકવાણા દ્વારા સંશોધનની વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ વિશે વિસ્તૃતમાં જાણકારી આપવામાં આવી તથા આ વિષયવસ્તુ વિશ્લેષણ દ્વારા કયા કયા વિષયો પર ખેડાણ થઈ શકે આ બાબતોથી સંશોધકોને માહિતગાર કર્યા હતા. બદલાવ સંસ્થાના પ્રમુખ ડૉ. રામ આર્ય દ્વારા સંશોધનના મહત્વ તથા ક્ષેત્રકાર્ય વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

વેબીનારના કન્વીનર ડૉ.કામિની દશોરા દ્વારા ઉપસ્થિત મહેમાનોનું તેમજ પ્રતિભાગીઓનું સ્વાગત કરી વેબિનારના વિષય સંદર્ભે થનારી ચર્ચાઓના મુદ્દા વિશે જાણકારી આપવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ.અભય પરમાર દ્વારા કોલેજનો પરિચય આપી પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ.શીતલ હીરાસકર દ્વારા કરવામાં આવ્યું.અંતમાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. પારૂલબેન દાની દ્વારા વેબીનારની આભારવિધિ કરવામાં આવી હતી.

આ નેશનલ વેબીનારમાં સમગ્ર ભારતમાંથી ૫૦૦ કરતાં પણ વધુ સંશોધકો,અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા તથા પ્રતિભાવ આપ્યા હતા.

## હાલોલ આલોક એપાર્ટમેન્ટમાં પાર્કિંગમાં જુગાર રમતા પાંચ જુગારીયાને પોલીસે ઝડપ્યા

હાલોલ,
હાલોલ કંજરી રોડ ઉપર આવેલ આલોક એપાર્ટમેન્ટ નીચે પાર્કિંગની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ૨૨,૩૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે પાંચ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ કંજરી રોડ ઉપર આવેલ આલોકે એપાર્ટમેન્ટના એ બ્લોક નીચે પાર્કિંગ એરીયામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન કિશન વિઠ્ઠલભાઈ દંતાણી, રાયસીંગભાઇ ગોદરભાઈ દંતાણી, કમલેશભાઈ જગદીશભાઈ દંતાણી, રણજીત સંપતભાઈ દંતાણી, વિપુલ ગોવિંદભાઈ પરમારને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ ઈસમો પાસેથી ૨૨,૩૦૦/-રૂપીયા રોકડા જપ્ત કરવામાં આવ્યા. આ બાબતે હાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વેજલપુર વિસ્તાર કોવિડ-૧૯ ન્યાય યાત્રા યોજી કોવિડમાં મરનારની માહિતી મેળવી



ગોધરા,
ગુજરા પ્રદેશ કોંગ્રેસના માર્ગદર્શન પ્રમાણે પંચમહાલ જીલ્લા કોંગ્રેસ દ્વારા આયોજીત કોવિડ-૧૯ ન્યાય યાત્રા કાલોલ તાલુકાના વેજલપુર જીલ્લા પંચાયત વિસ્તારમાં વેજલપુરમાં જન સંપર્ક કરી કોવિડ-૧૯માં મૃત્યુ પામનાર વ્યકિતઓની વિગતો મેળવી તેમજ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયેલ વ્યકિતઓની વિગત અને આપવિતી મેળવી સૌની સરકારી વિવિધ યોજનામાં તુરંત મળવાપાત્ર લાભ મળે તે હેતુસર નિષ્ઠાથી પ્રયાસ કરી સહયોગ આપેલ તાલુકા કોંગ્રેસ કાલોલદ્વારા આયોજીત કાર્યક્રમમાં પંચમહાલ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભટ્ટી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરવતસિંહ પરમાર, જીલ્લા લઘુમતિ સંગઠનના ચેરમેન ઉસ્માન બેલી, સ્થાનિક આગેવાનો, પ્રદિપસિંહ પરમાર, રાજેન્દ્રસિંહ જાદવ, ભુપેન્દ્રસિંહ ખેર, અશોક ઉપાધ્યાય, નિવર પટેલ, જીલ્લા સોશ્યલ મીડીયા ડિપાર્ટમેન્ટ કો.ઓર્ડિનેટર સન્નીભાઈ શાહ, નસીબદારભાઈ, જયેશ પટેલ, કિરણભાઇ પરમાર, ભાવસિંહભાઈ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો-આગેવાનો, હોદ્દેદારો વિગેરે એ જોડાઈ કોવિડ-૧૯માં મૃત્યુ પામનાર સદ્દગતની વિગતો તૈયાર કરી પરિવારજનોને સાંત્વના (દિલશોજી) પાઠ્વેલ હતી.

## દે.બારીયા શહેરના સ્ટેટ સમયના કુવા અને વાવોની સાફસફાઈ કરવામાં આવશે ખરી ?


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
દે.બારીયા ઐતિહાસીક શહેર છે. જેમાં રજવાડી સમય દરમ્યાન જનતા માટે અનેક કુવા-વાવના ખોદકાર્યો કરવામાં આવ્યા હતા. જે હાલમાં અવવડ હાલતમાં છે. જેમાં પાણી તો ફુલ છે પરંતુ તે વાપરવા લાયક નથી. જો તેને સાફ સફાઈ કરી દેવાય તો તેનું પાણી પીવા માટે તો નહિ પણ કપડાં તથા વાસણ તેમજ અનેક બીજા બાંધકામ કાર્યમાં વાપરી શકાશે જેથી તે અવાવરૂ કુવાઓની વહેલી તકે સાફ-સફાઈ કરવામાં આવે તો હાલમાં વરસાદની અછત છે અને હાલ સુધીમાં ૨૧૮ મી.મી. વરસાદ નોંધાયો છે. તે આખા વર્ષ માટે પુરતો નથી. જેથી આવતા ઉનાળામાં પાણીની અછત સર્જાતા પહેલા આ શહેરનો ઐતિહાસિક ધરોહર કુવા, વાવને સાફ સફાઈ કરી દેવામાં આવે તો તેનું પાણી અછતના સમય દરમ્યાન ઉપયોગમાં લઈ શકશે. ઓગસ્ટ માસમાં સરેરાશ મોનસુનનું વરસાદ ૨૫ ઈંચ પહોંચ્યું હોય છે. હાલમાં ૨ ઈંચ થવા પામ્યો છે. જેના ઉપર થી આવતા વર્ષે આપણને પાણીની તકલીફ રહેવાની છે. તો શહેરના તમામ કુવાઓની સાફ-સફાઈ થાય તો પાણીની મુશ્કેલી મહદઅંશે ઓછી થાય તેવા પ્રયત્નો નગર પાલિકાના સત્તાધિશો હાલથી જ કામે લાગશે તો દે.બારીયાની આમ જનતાની પાણી અંગેની મુશ્કેલી નહિ પડે કડાણાનું પાણી પાણ આપણા તળાવ કે નદીમાં હાલ સુધી આવ્યું નથી. જેથી આપણા જુના પાણીનો સ્ત્રોતોનું જતન થાય તે જરૂરી થઈ પડયું છે.

## સપ્ટેમ્બરમાં દરરોજ આવી શકે છે ૪ લાખ કોરોના કેસ : નીતિ આયોગની ચેતવણી

નવી દિલ્હી,
નીતિ આયોગે કોરોનાની બીજી લહેર બાદ મોટી સંખ્યામાં હોસ્પિટલમાં કોવિડ બેડ અલગ રાખવાની ભલામણ કરી છે. આયોગનુ કહેવુ છે કે ખરાબ પરિસ્થિતિમાંથી ઉકેલ મેળવવા માટે પહેલેથી તૈયાર રહેવુ પડશે. સપ્ટેમ્બર સુધી બે લાખ આઈસીયુ બેડ તૈયાર કરવા જોઈએ. આ સિવાય ૧.૨ લાખ વેન્ટિલેટર વાળા આઈસીયુ બેડ, ૭ લાખ ઓક્સિજન વાળા બેડ અને ૧૦ લાખ કોવિડ આઈસોલેશન કેર બેડ હોવા જોઈએ. ભારતમાં કોવિડ મહામારીનું વિકરાળ રૂપ એકવાર ફરી જોવા મળી શકે છે. નીતિ આયોગે કોરોનાની ત્રીજી લહેરને લઈને ચેતવણી જારી કરી છે. આયોગે આશંકા વર્તાઈ છે કે સપ્ટેમ્બરમાં ૪થી ૫ લાખ કોરોના કેસ દરરોજ આવી શકે છે. દરેક ૧૦૦ કોરોના કેસમાંથી ૨૩ કેસને હોસ્પિટલમાં દાખલ કરવાની વ્યવસ્થા કરવી પડી શકે છે. એવામાં પહેલાથી જ બે લાખ આઈસીયુ બેડ્સ તૈયાર રાખવાની જરૂર છે. નીતિ આયોગે અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૦માં પણ કોરોનાની બીજી લહેરનુ અનુમાન લગાવ્યુ હતુ. નીતિ આયોગે ૧૦૦ સંક્રમિતોમાંથી ગંભીર કોવિડ લક્ષણ વાળા લગભગ ૨૦ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર હતી પરંતુ આ વખતે અનુમાન ગઈ વખતથી વધારે છે. ભારતમાં સતત ૫૬ દિવસથી ૫૦,૦૦૦ થી ઓછા દૈનિક કેસ સામે આવી રહ્યા છે. રવિવારે સ્વાસ્થ્ય મંત્રાલયના રિપોર્ટ અનુસાર કોરોનાના કુલ ૩૦,૯૪૮ નવા કેસ સામે આવ્યા અને ૪૦૩ મોત નીપજ્યા. કોવિડના કારણે મૃતકોની કુલ સંખ્યા ૪ લાખ ૩૪ હજાર ૩૬૭ થઈ ગઈ છે. ભારતમાં કોવિડ સંક્રમણથી સાજા થવાનો દર વધીને ૯૭.૫૭ ટકા થઈ ગયો છે. જે માર્ચ ૨૦૨૦ બાદ સૌથી વધારે છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, સક્રિય કેસ કુલ કેસના ૧.૦૯ ટકા છે, જે માર્ચ ૨૦૨૦ બાદ સૌથી ઓછા છે. ભારતમાં અત્યાર સુધી સાજા થનારની કુલ સંખ્યા ૩,૧૬,૩૬,૪૬૯ થઈ ગઈ છે. છેલ્લા ૫૮ દિવસથી સાપ્તાહિક સકારાત્મકતા દર ૩ ટકાથી નીચે થઈ ગયો છે અને વર્તમાનમાં ૨.૦ ટકા છે.

## વડોદરા શહેરમાં બાઈક રાઈડ યોજી

વડોદરા,
વડોદરા શહેરની વિદ્યાર્થિનીઓ, બાળકોથી માંડીને વૃદ્ધા સુધીની મહિલાઓની સલામતી માટે તેમના જાહેર અને વ્યક્તિગત સમસ્યાઓના ઉકેલ માટે પોલીસ વિભાગની શી ટીમ રાઉન્ડ ધ ક્લોક કાર્યરત છે. આ ટીમના સભ્યો પ્રત્યે સન્માનની લાગણીના ભાગરૂપે શહેરના મહિલા શેફે પોતાના નવા રેસ્ટોરાંનું ઉદ્‌ઘાટન કરાવ્યું હતું. એટલું જ નહીં તેમના માટે કોમ્પ્લિમેન્ટરી લંચનું પણ આયોજન કર્યું હતું. આ પ્રસંગે શી ટીમની એક બાઈક રાઈડ યોજાઈ હતી. જેમાં શી ટીમના ૫૦ જેટલા સભ્યોએ ભાગ લીધો હતો. આ રેસ્તોરાંના સંચાલક શેફ આનલ કોટકે જણાવ્યું કે, શી ટીમ જ વડોદરાની સેલિબ્રિટી છે. તેઓ રાત દિવસ વડોદરાની દરેક મહિલાઓ માટે ખડેપગે રહે છે, જેના લીધે વડોદરા સેફ રહે છે.

## શબ્દ સુગંધ


જીજ્ઞા કપુરીયા (નિયતી)

''શબ્દ સુગંધ'' કલમના કસબી સાહિત્ય ગ્રુપનું પહેલું સહિયારૂં પુસ્તક, જેમાં ૪૧ કવિઓ અને કવયિત્રીઓ, લેખકો અને લેખિકાઓએ લાભ લીધો છે. બધાં યુવા લેખકો અને લેખિકાઓ રુપે શબ્દને કંડારી, તેની સુગંધને જન જન સુધી પહોંચાડી છે. તેમની રચનાઓમાં પ્રકૃતિ પ્રેમ, કાલ્પનિક ને વાસ્તવિક વાતો પ્રસ્થાપિત કરી છે. પરિણામે, આ પુસ્તક પુષ્પ બની મહેકી ઊઠ્યું છે.

આતો થઈ પુસ્તકની વાત.

બીજું, આ પરિવારમાં કુલ ૧૮૫ સભ્યો છે. એમાં અમે સોમવારથી શુક્રવાર સુધી ગદ્ય અને પદ્ય વિભાગમાં આપેલાં વિષય પર સ્પર્ધા કરી, વિજેતા કૃતિને સન્માનપત્ર અર્પિત કરીએ છીએ. સાથે જ પેપરમાં પ્રકાશિત પણ કરીએ છીએ.

અમારી "kalam na kasabi gujarati sahitya" નામની YouTube ચેનલ પણ છે. જેમાં અમે મહિને એક વખત મુશાયરાનું પણ આયોજન કરીએ છીએ. અમારો આ પરિવાર હંમેશા નવું કરવા તત્પર રહે છે. જેમાં સ્પર્ધાની રચનામાં થતી ભૂલો દર્શાવવી, જોડણીની ભૂલો બતાવવી, વ્યાકરણ, કવિતા, વાર્તા, લેખ વગેરેનું ભાષાકીય જ્ઞાન પણ આપવામાં આવે છે. એમાં અમારી એડમિન પેનલનું કાર્ય ખરેખર અદ્ભુત છે. આમ સાહિત્યની સેવા અને નવોદિતોને એક મંચ પૂરો પાડવાનો અમારો અથાગ પરિશ્રમ છે. જેથી, આપણી માતૃભાષાની ગરિમા જળવાઈ રહે. આ રીતે આપણી માતૃભાષા પ્રત્યેની અમારી ફરજ અમે પૂર્ણ કરીએ છીએ.

અમારૂં કલમના કસબી ગ્રુપનું સહિયારૂ પુસ્તક ''શબ્દસુગંધ'' જેની શબ્દ રૂપી સુગંધ ચોતરફ મહેકે જેમાં વિવિધ લેખકોને કવિઓની કલમે કંડારાયેલા શબ્દરૂપી પુષ્પોથી અમારો આ એક બાગ જે મધુવન બનીને આજે શોભી રહ્યાં છે. આજે ૧૩/૬/૨૦૨૧ના રોજ અમે અમારા પુસ્તકનું વિમોચન કર્યુ જેમાં વીનુભાઈ બામણિયા, રાજેશભાઈ વણકર અને તોફાની તાંડવવાળા જીગરભાઈ ઠક્કર જેવા મહાનુભાવોએ હાજરી નોંધાવી હતી અને ખરેખર, અમારૂં આ સુંદર કાર્ય દીપી ઊઠ્યું. આ ફકત એક જણની મહેનત નથી પણ કલમના કસબી પરિવારની સહિયારી મહેક ચોતરફ પ્રસરી છે. આ પુસ્તકનાં દરેક લેખક અને કવિઓને ખૂબ ખૂબ અભિનંદન.

# દાહોદ જિલ્લાના ૧૩ CHCમાં ૩૭૮ ઓક્સીજન બેડની સુવિધા ઉભી કરાઈ





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
કોરોનાની ત્રીજીની સંભવિત ઘાતક લહેરથી નાગરિકોને આરોગ્યલક્ષી સુરક્ષા કવચ આપવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બે માસની સતત દોડધામ કરી કરવામાં આવેલી મહેનતને હવે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. બીજી લહેરના અનુભવોને ધ્યાને રાખીને દાહોદ જિલ્લામાં કોરોના વાયરસની ત્રીજી લહેર માટે ઓક્સીજન બેડ, લોજીસ્ટીકની આપૂર્તિ સાથે વેક્સીનેશનની કામગીરીને પણ પૂરપાટ ઝડપે વેગ આપવામાં આવી રહ્યો છે.

ત્રીજી લહેર સામેની પૂર્વ તૈયારીની માહિતી આપતા જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં કોરોનાની બીજી લહેર વખતે ઓક્સીજન બેડની તાતી જરૂરિયાત ઉભી થઇ હતી. એ બાબતને જોતા જિલ્લામાં સીએચસી કક્ષાએ પણ હવે સેન્ટ્રલ ઓક્સીજન લાઇન નાંખીને ઓક્સીજન બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

દાહોદ જિલ્લાના ૧૩ સામુહિક આરોગ્ય કેન્દ્ર ઉપર રૂ. ૧૯૭.૧૮ લાખના ખર્ચથી ૩૭૮ ઓક્સીજન બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અહીં ઓક્સીજનની સેન્ટ્રલ લાઇન નાખવામાં આવી છે. જેમાં લીમખેડામાં ૩૦, ધાનપુરમાં ૪૦, સિંગવડમાં ૨૪, સુખસરમાં ૧૮, ફતેપુરમાં ૨૪, પેથાપુરમાં ૧૮, ગરબાડામાં ૨૪, કતવારામાં ૩૦, સંજેલીમાં ૩૪, મીરાખેડીમાં ૩૪, બોરડીમાં ૩૪, ડાભવામાં ૩૪ અને દૂધિયામાં ૩૪ બેડની વ્યવસ્થા કરાઇ છે.

આ ઉપરાંત દેવગઢ બારિયાની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ૫૦ પથારી અને ઝાલોદમાં ૨૦ મળી કુલ ૪૪૮ પથારીની વ્યવસ્થા કરાઇ છે. એ માટે કુલ રૂ. ૨૧૫.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. દાહોદ જિલ્લામાં સરકારી અને ખાનગી હોસ્પિટલમાં કુલ મળીને ૧૫૦૦ પથારીઓ ઓક્સીજનની સુવિધા સાથેની બનાવવા માટેનું આયોજન છે. જેને વધારીને ૨૦૦૦ હજાર સુધી કરવાની તૈયારી રાખી છે. આ ઉપરાંત ઝાયડ્સ હોસ્પિટલમાં એક કોરોનાગ્રસ્ત બાળકો માટેનો અલાયદો વોર્ડ બનાવવામાં આવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા પીએમ કેર ફંડનો દાહોદને પણ લાભ મળ્યો છે. દાહોદ જિલ્લાને પીએમ કેર ફંડમાંથી ૭૪ ઓક્સીજન કોન્સ્ટ્રેટર મળ્યા છે. આ ઉપરાંત બીજા ૧૦ ઓક્સીજન કોન્સ્ટ્રેટર કોર્પોરેટ સોશ્યલ રિપોન્સબલિટીમાંથી રાજ્ય સરકાર દ્વારા દાહોદને અપાયા છે. જે પીએચસી, સીએચસી કક્ષા અને દાહોદની ઝાયડ્સ હોસ્પિટલને ફાળવવામાં આવ્યા છે. ગ્રામ્ય સ્તરે ઓક્સીજનની અણીના સમયની જરૂરિયાત ધરાવતા દર્દીઓને સારવાર આપી શકાશે.

પરમારે કહ્યું કે, ઝાલોદ અને દેવગઢ બારિયામાં ઓક્સીજનનું ઉત્પાદન કરવા માટેના પીએસએ પ્લાન નાખી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત કતવારા, ફતેપુરા અને ધાનપુરમાં પણ પીએસએ પ્લાન્ટનું આયોજન વિચારણા હેઠળ લેવામાં આવ્યું છે. કતવારા દાહોદ નગરથી નજીક હોવાથી જો ઝાયડચમાં દર્દીઓની સંખ્યા વધી જાય તો ત્યાં શિફ્ટ કરી શકાય. ઝાલોદ અને દેવગઢ બારિયામાં ૨૫૦ લિટર ઓક્સીજન પ્રતિ મિનિટની ઉત્પાદન ક્ષમતા ધરાવતા પ્લાન્ટ કાર્યરત કરી દેવામાં આવ્યા છે. દેવગઢ બારિયામાં વધુ એક પ્લાન્ટ ડીઆરડીઓ તરફથી ફાળવવામાં આવનાર છે.

ત્રીજી લહેરની તૈયારીના ભાગ રૂપે યુનિસેફ–સીએસઆર સપોર્ટ તરીકે દાહોદ જિલ્લાને ૭૦ હજાર એન–૯૫ માસ્ક, ૩૫ હજાર પીપીઇ કિટ્સ, ત્રણ લાર્જ ડીપ ફ્રીઝ, ત્રણ કોલ્ડ બોક્સ, ૫૦ વેક્સીન કેરિયર અને જીએમએસએલ દ્વારા દવાઓ ઉપરાંત એક લાખ ત્રીપલ લેયર માસ્ક આરોગ્યતંત્રને ફાળવવામાં આવ્યા છે. બીજી લહેરની જેમ જ આ વખતે પણ જરૂર પડે તો ગ્રામ્ય કક્ષાએ પણ કોવિડ કેર સેન્ટર બનાવવામાં આવશે.

દાહોદ જિલ્લાના નાગરિકોમાં હવે કોરોના સામેની રસી લેવામાં જાગૃતિ વધી રહી છે, એ બાબતનો ઉલ્લેખ કરતા જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે એમ પણ કહ્યું કે, જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી પ્રતિદિન ૨૦ હજારથી પણ વધુ લોકોને રસી મૂકવાની કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. જિલ્લામાં લક્ષ્યાંકિત ૧૫, ૩૭, ૭૩૭ની સામે ૮,૩૪,૪૯૪ લોકોને રસીનો પ્રથમ ડોઝ મૂકી દેવામાં આવ્યો છે. એટલે કે, જિલ્લામાં ૫૪.૨૭ ટકા લોકોએ રસીનો પ્રથમ ડોઝ લીધો છે. જ્યારે, ૯૬.૦૭ ટકા ટકા એટલે કે, ૩,૬૮,૯૨૨ નાગરિકોને બીજો ડોઝ આપી દેવામાં આવ્યો છે.

જિલ્લામાં ૧૫૧૪૨ આરોગ્યસેનાનીઓ, ૨૫૯૩૫ ફ્રન્ટલાઇન કોરોના વોરિયર્સ, ૩૮૫૯૬૧ ૪૫ વર્ષથી ઉપરના નાગરિકો અને ૪૦૭૪૫૬ યુવાનોને કોરોના સામેની રસીનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. જે યુવાનોએ પ્રથમ ડોઝ લીધો હોય તેમણે નિયત સમય મર્યાદામાં બીજો ડોઝ પણ લઇ લીધો હોવાનો ટ્રેન્ડ દાહોદમાં જોવા મળી રહ્યો છે. અત્યાર સુધીમાં ૮૨૦૧ યુવાનોએ બીજો ડોઝ લઇ લીધો છે. જેનું પ્રમાણ સો ટકા છે. કોરોના રસી લેવાની બાબતે જાગૃતિ આવે એ માટે આરોગ્ય તંત્ર દ્વારા ભવાઇ સહિતના પરંપરાગત માદયમોથી પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવી રહી છે.

# ફતેપુરામાં ગંદગીના સામ્રાજ્ય થી સર્જાયો મચ્છરનો ઉપદ્રવ રોગ ચાળાની ભીંતિ



- ઠેર ઠેર વરસાદી પાણી ના ખાબોચ્યા અને ગંદકી વધતા મેલેરિયા મચ્છરના જોવા મળ્યા પોરા.
- મેલેરિયા શાખા દ્વારા દવાનો છંટકાવ કરવા માં આવે તે જરૂરી.

ફાતેપુરા,
ફતેપુરામાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કર્યા બાદ ઠેર ઠેર ગંદકીની સમસ્યા ઉભી થઇ છે અને કેટલાક વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ ન થવાથી મચ્છરોનો ઉપદ્રવ વધતાં તાવ, ઉધરસ સહિતના રોગસાથે ઝેરી મેલેરીયાએ પગપેસારો કર્યો છે. જેથી આરોગ્ય તંત્રએ આ રોગચાળો ડામવા તાકિદે જાગે તે જરૂરી બને છે. ચોમાસાની સીઝન ચાલી રહી છે. ત્યારે દર વર્ષની જેમ ચાલુ સાલે પણ ફતેપુરા તાલુકામાં મેલેરીયાએ માથું ઉંચકયુ છે. આ સમયગાળામાં દર વર્ષે ફતેપુરા તાલુકા મેલેરીયાના કેસો વધે છે. ઝેરી મેલેરિયા બેકાબુ બની જાય તે પહેલા તંત્ર દ્વારા ઉચિત પગલાં લેવાય તે જરૂરી છે. ફતેપુરા તાલુકામાં ફરી મેલેરીયા માથું ઉંચકી રહ્યો છે.આમેય ફતેપુરા તાલુકો મેલેરીયાની દ્રષ્ટિએ હાઇ રીસ્ક ઝોનમાં આવે છે. દરેક ચોમાસામાં ફતેપુરા તાલુકા મચ્છરોનો ઉપદ્રવ વધી જતો હોય મેલીરીયાના કેસોમાં પણ ઉછાળો આવે છે. એક મહિના સુધી તાલુકા મોટા ભાગના વિસ્તારોને મેલેરીયાના કેસો વધી પડે છે. ચાલુ સાલે પણ આવી જ સ્થિતિનું નિર્માણ થયુ છે. ફતેપુરા તાલુકા માં હાલમાં શરદી, તાવ, ઉધરસના વાયરાની સાથે સાથે મેલેરીયાએ પણ માઝા મુકી છે. ખાનગી દવાખાનાઓમાં સારવાર લેનારા દર્દીઓની સંખ્યા ઘણી વધારે છે. દરરોજ મેલેરીયાના કેસોની સંખ્યા વધતી જ જાય છે. દર અઠવાડીએ ત્રણ–ચાર કેસો બહાર આવી રહ્યા છે. હાલમાં ફતેપુરા પંથક મચ્છરોનો ઉપદ્રવ ખાસ્સો વધ્યો છે મેલેરીયા અને ઝેરી મેલેરીયા તેનો પંજો પંથક માં કસે તે પહેલા યોગ્ય પગલાની આવશ્યકતા છે. હાલમાં ફતેપુરા આરોગ્ય તંત્ર દ્વારા ક્યાંય જંતુનાશક દવાનો છંટકાવ કરવા ના આવ્યો નથી. આરોગ્ય તંત્ર દ્વારા પણ કોઇ વિશેષ પગલા લેવાતા નઝરે પડતા નથી. ચાલુ વર્ષે આવી સ્થિતિનું નિર્માણ થાય તે પહેલા અત્યાર થી જ પગલા લેવાની આવશ્યકતા છે. અત્રે નોંધનીય છે કે, ફતેપુરા પંથક તેમજ ગ્રામ્ય ઠેર ઠેર ખરડાયેલી ગંદકી સામે જવાબદાર તંત્ર આંખ મીંચામણા કરતા ગંદકીનું સામ્રાજ્ય ઉભું થયું છે. જે પરિણામે ઠેર ઠેર ઘરે ઘરે માંદગીના ખાટલા જોવા મળે છે. આરોગ્ય તંત્ર પાસે મચ્છર નાશક દવા જ નથી આવી દર વર્ષે ચોમાસા પહેલા જ આરોગ્ય તંત્ર પાસે મચ્છર અને પોરા નાશક દવાનો જથ્થો પહોંચી જાય છે, પરંતુ ચાલુ સાલે લગભગ અડધુ ચોમાસુ વિતવા છતાં ફતેપુરા આરોગ્ય તંત્ર પાસે અલ્ફાસાઇટ્રીન નામની દવાનો જથ્થો પહોંચ્યો જ નથી. આમ આરોગ્ય તંત્ર હથીયાર વગર જ મેલેરીયા સામે લડાઇ લડી રહ્યું છે.

# હોલમાર્ક યુનિક આઇડિન્ટીફિકેશન નિર્ણયના વિરોધમાં દાહોદ જવેલર્સો જોડાયા

દાહોદ,
ગોલ્ડ જવેલરીના ફરજિયાત હોલમાર્કિંગની સાથોસાથ હોલમાર્ક યુનિક આઇડિન્ટિફિકેશન નંબરના અવ્યવહારૂ અમલ સામે દેશભરના જવેલર્સ આજરોજ ૨૩ ઓગસ્ટના રોજ એક દિવસની હડતાળ પાળી હતી જેમાં આ હડતાળમાં દાહોદ શહેરના જ્વલર્સો પણ જોડાયાં હતાં. દાહોદ શહેરમાં ઘણા જ્વલેર્સોએ આજે બંધને સમર્થન આપ્યું હતું. જ્યારે નાની મોટી જ્વેલર્સની દુકાનો ખુલ્લી પણ જોવા મળી હતી.

દેશભરના ૩૫૦ સંગઠનો તથા ફેડરેશન્સે આ હડતાળને ટેકો આપ્યો છે. એમ ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું. દેશમાં ૧૬ જુનથી ફરજિયાત ગોલ્ડ હોલમાર્કિંગ તબક્કાવાર રીતે અમલી બનાવાયું છે. પ્રથમ તબક્કામાં ૨૮ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના ૨૫૬ જિલ્લાઓમાં આ નિર્ણય લાગુ કરાયો છે. હોલમાર્ક યુનિક આઇડિન્ટિફિકેશન નંબરનો અમલ અવ્યવહારૂં છે. સરકાર આ મુદ્દે સમિતિઓ બનાવીને માત્ર બેઠકો યોજી રહી છે, પરંતુ ચોક્કસ નિર્ણય લેતી નથી એમ કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું. સરકાર સમય પસાર કરી રહી છે. જ્વેલર્સ નવા હોલમાર્ક યુનિક આઇડિન્ટિફિકેશન નંબરનો સ્વીકાર નહીં કરે કારણ કે, તેને ગોલ્ડની શુધ્ધતા સાથે સંબંધ નથી. નંબરિંગ એ સમય માગી લેતી પધ્ધતિ છે અને હાલની સ્પીડે તથા હોલમાર્કિંગ કેન્દ્રોની સંખ્યાને જોતા જ્વેલર્સ નવા હોલમાર્ક યુનિક આઇડિન્ટિફિકેશન નંબર માટેની કવાયત પૂરી કરવામાં લાંબો સમય નીકળી શકે છે. હાલની હોલમાર્કિંગ પ્રક્રિયામાં ઢીલને કારણે હજારો ટન્સ સોનુ નિષ્ક્રીય હાલતમાં પડી રહ્યું છે. હોલમાર્ક પ્રશ્ને જ્વેલર્સ સામે ફોજદારી કાર્યવાહી એટલે ઈન્સ્પેકટર રાજને આમંત્રણ આપવા જેવું છે. ઈન્સ્પેકટર રાજ ફરી આવશે તો જ્વેલર્સે પોતાની વેપારધંધા બંધ કરી દેવાની ફરજ પડશે એમ કાઉન્સિલના સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. જ્વેલર્સ નવા હોલમાર્ક યુનિક આઇડિન્ટિફિકેશન નંબર સાથેના ઘરેણાંની વેચાણ સાંકળમાં દરેકે દરેક પક્ષો એટલે કે, ઉત્પાદકોથી લઈને અંતિમ ગ્રાહકની વિગતો પૂરી પાડવાની રહેશે જે શક્ય ઔનહીં હોવાનો જ્વેલર્સ ઉદ્યોગ દ્વારા દાવો કરાયો છે. આમ, આજે દાહોદ શહેરમાં પણ ઘણી જ્વેલર્સની દુકાનો આ હડતાળને સમર્થન આપી પોતાની દુકાનો બંધ રાખી. દાહોદ શહેરમાં અંદાજે ૧૦૦ થી વધુ જ્વેલર્સનોની દુકાનોનો સમાવેશ થાય છે. ઘણી નાની મોટી દુકાનો આજે ખુલ્લી પણ જોવા મળી હતી.

# ઝાલોદ SBI બેંકમાં બીજીવાર ચોરીના નિષ્ફળ પ્રયાસ કરતા તસ્કરો




દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં આવેલ એસ.બી.આઇ. બેન્કમાં એક માસમાં બીજી વાર ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગતરોજ ફરીવાર બનેલા ચોરીના પ્રયાસમાં બેન્કના સેફ લોકરને મશીન દ્વારા કાપવાનો પ્રયાસ કરાતાં આ મામલો પોલીસ મથક સુધી પુનઃ પહોંચ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

એકજ માસમાં ફરીવાર ઝાલોદની મેઈન બજારમાં આવેલ એસ.બી.આઈ. બેન્કને તસ્કરો દ્વારા નિશાન બનાવવામાં આવી છે. અગાઉ તારીખ ૦૩.૦૮.૨૦૨૧ના રોજ એસ.બી.આઈ. બેન્કના ઓન સાઈડના ભાગે મુકેલ સી.ડી.એમ. મશીનનો આગળનો દરવાજો વેલ્ડીંગ રોડથી કોડી સેફ લોક તોડવાની ચોરોએ પ્રયાસ કરી અંદાજે ૫૦,૦૦૦નુ નુકસાન પણ કર્યું હોવાની ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાઈ હતી. આ બાદ ગઈકાલે ફરીવાર અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી બેન્કની બારી તોડી અંદર તસ્કરોએ પ્રવેશ કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ચોરોએ બેન્કમાં પ્રવેશ કરી બેન્કમાં મુકી રાખેલ સેફ લોકરને મશીન દ્વારા કાપવાનો પ્રયાસ કર્યો હતો બીજી તરફ સીસીટીવી કેમેરાની પણ તોડફોડ કરી વાયરો કાપી નાંખ્યાં હોવાનું સામે આવ્યું છે. એક માસમાં આ બેન્કમાં બીજી વાર ચોરીનો પ્રયાસ થતાં પોલીસની નાઈટ પેટ્રોલીંગ પર પણ અનેક સવાલો ઉભા થઈ રહ્યાં છે. આ મામલે બેન્કના મેનેજર દ્વારા પોલીસમાં ફરિયાદ આપવાની તજવીજ હાથ ધરાઈ રહી છે.

# ગરબાડાના યુવાનો દ્વારા કાવડ યાત્રા કાઢવામાં આવી



ગરબાડા,
ગરબાડા નગરના યુવાનો દ્વારા પાછલા ઘણા વર્ષોથી પવિત્ર શ્રાવણ માસમાં દર વર્ષે દેવદા ખાન નદી શિવ મંદિરે થી કાવડમાં જળ ભરીને કાવડ યાત્રા કાઢવામાં આવે છે. જે કાવડનું જળ ગરબાડા રામનાથ મહાદેવ મંદિરને ચઢાવવામાં આવે છે, પરંતુ આ વર્ષે આ કાવડયાત્રા ખાન નદીના બદલે દાહોદ તાલુકાના વિજાગઢ ગામના શિવગંગા જરી ધામ ગંગેશ્વર મહાદેવ ખાતે થી નીકાળવામાં આવી હતી. ડીજેના તાલ સાથે હર હર મહાદેવ, બમ બમ ભોલેના જય કારા થી સમગ્ર વાતાવરણ ભકિતમય બન્યું હતું. ગરબાડા નગરના સ્થાનિકો તથા આયોજકો દ્વારા કાવડિયાઓ માટે રસ્તામાં લીંબુપાણી ફળાહાર તેમજ ચા–દૂધ કોફીને વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# સંજેલીમાં ધારાસભ્યએ તાલુકાની આંગણવાડીની બહેનો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,
શ્રાવણ સુદ પૂર્ણિમા એટલે રક્ષાબંધન ભાઈ–બહેનનો પવિત્ર તહેવાર રક્ષાબંધનની ઉજવણી ફતેપુરા વિધાનસભામાં સમાવિષ્ટ સંજેલી ખાતે આવેલ આરડી ગુરૂકુલમ સ્કૂલ ખાતે ધારાસભ્ય રમેશભાઈ કટારાએ તાલુકાની આંગણવાડીનો બહેનો સાથે રાખડી બંધાવી ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આંગણવાડીની બહેનો સાથે સ્નેહસભર સંવાદ કરી બહેનોને જાગૃક થવા માટે અપીલ કરી હતી, તેમજ ગિફ્ટ અર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરના જન્મ દિવસના પ્રસંગે સાંસદ દ્વારા વિધવા બહેનોને વીમા ઉતારી વીમા પોલિસીની ભેટ અર્પણ કરી જન્મ દિવસ મનાવ્યો હતો.

સંજેલી ખાતે ખાતે રક્ષાબંધન નિમિત્તે ધારાસભ્ય રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને આંગણવાડી બહેનો સાથે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

જેમાં આશાવર્કરની બહેનોએ ધારાસભ્યને રાખડી બાંધી હતી અને ધારાસભ્ય રમેશભાઈ કટારા દ્વારા તાલુકાની તમામ આંગણવાડી બહેનોને સાડીની ભેટ અર્પણ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી તેઓના દરેક કાર્યક્રમમાં દાહોદ જિલ્લાના સતત યાદ કરે છે. ખૂબ ચિંતા કરે છે. આદિવાસી વિસ્તાર ધરાવતો જિલ્લો મોદીજી દરેક વક્તવ્યમાં યાદ કરે છે. દેશના વડાપ્રધાને દાહોદ જિલ્લામાં અવિરત પણે વિકાસ કરી દાહોદ જિલ્લાને એક આગવી ઓળખ અપાવી છે. જિલ્લામાં પાયાની સુવિધા ઉભી કરી દાહોદ જિલ્લાના અગ્રેસર બનાવ્યું હતું. તેઓના શાસનકાળ હેઠળ દાહોદ જિલ્લો પ્રગતિના પથ પર એક નવું મુકામ હાંસિલ કર્યો છે, દરેક સરકારી યોજનાના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડ્યા છે. ઉક્ત નિવેદનમાં ધારાસભ્ય રમેશભાઈ કટારા જણાવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ કટારા દાહોદ જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ અમલીયાર તાલુકા પંચાયત પ્રમુખ ભુપેન્દ્ર સંગાડા, તાલુકા પાર્ટી પ્રમુખ રમેશભાઈ તાવીયાડ, જિલ્લામંત્રી રૂચિતાબેન રાજ સુરેન્દ્રસિંહ સોલંકી (જગ્ગુ બાપુ), મોહનભાઈ ચારેલ, જશુભાઈ બમાણિયા, માનસિંહ ભાભોર વિગેરે અગ્રણીઓ તાલુકાની આંગણવાડીની બહેનો ICDS શાખાન કર્મચારીઓ હોદ્દેદારો, કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# દે.બારીયા તાલુકાના સાલિયા કબીર મંદિર વિનંતી સ્ટોપેજ આપવા મુસાફર જનતાની માંગ

દાહોદ,
દેવગઢબારીયા તાલુકાના પીપલોદ પાસે સાલિયા ગામ આવેલ છે.અને આ ગામમાંથી અમદાવાદ ઈન્દોર નેશનલ હાઈવે રોડ પણ પસાર થાય છે. જે રોડની નજીકમાં અડીને ગુજરાત રાજ્યમાં કબીર સંપ્રદાયનું કબીર સાહેબનું મોટુ મંદિર બાંધવામાં આવ્યું છે.

આ કબીર મંદિર ખાતે દર પૂનમે દૂર ના જિલ્લા તો ઠીક પણ કેટલાય કબીરજીના ભાવિક ભક્તો, સંતો અને મહંતો આવતા હોય છે અને આ વિસ્તારમાં કોઈપણ ધાર્મિક સભાનું આયોજન પણ અહીંયા થતું હોય છે. જયારે નેશનલ હાઈવે રોડ બન્યો ના હતો. તે સમયે આ સાલિયા ગામ ખાતે એક પીકઅપ સ્ટેન્ડ હતું અને જ્યાં એસટી બસો પણ ઉભી રહેતી હતી. પરંતુ વર્ષો જતા આજે આ જગ્યા એ કબીર સાહેબનું વિશાળ મંદિર બન્યું ત્યારે સરકારની એસટી સેવાનો લાભ ધાર્મિક જનતા ને મળતો નથી. બહારગામ થી આવનાર ભક્તો ને પીપલોદ બજાર બસ્ટેન્ડ થી સ્પેશ્યલ રીક્ષા ભાડે કરી આ મંદિર આવવું પડતું હોય છે. જયારે આ મંદિરના પાયાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું ત્યારે હાલના સાંસદ જસવંતસિંહ ભાભોરનાઓને હાજર ભક્તો એ જણાવ્યું હતું કે, હવે આ મંદિર આવવું ભક્તો માટે સરળ બની જશે અને ફરીથી આ જગ્યા એ પીકઅપ સ્ટેન્ડનું વિનંતી સ્ટોપેજ પણ શરૂઆત થાય તે જરૂરી છે. પણ હજુ પરિસ્થિતિ જૈસે થૈ..!!.

આમ, દેવગઢબારીયા તાલુકા ના પીપલોદ પાસે આવેલ સાલિયા ગામે કબીર મંદિર પાસે વિનંતી સ્ટોપેજ કરવામાં આવે તેવી મુસાફર જનતા સહીત કબીર ભક્તોની માંગ છે.

# દાહોદ પોલીસે MPના અસ્થિર મગજની વ્યક્તિનું પરિવાર સાથે મિલન કરાયું

દાહોદ,
મધ્યપ્રદેશ રાજ્યના એક અસ્થીર મગજની વ્યક્તી કોઈક કારણોસર દાહોદ ખાતે આવી પહોંચતાં આ મામલે એક જાગૃત નાગરિકે દાહોદ તાલુકા પોલીસને જાણ કરતાં પોલીસે આ અસ્થિર મગજના યુવકની સાદગીથી તેમજ નમ્રતાથી પ્રેમ પુર્વ પુછપરછ તેમજ માતા પિતા તેમજ સ્વજનોની વિશે પુછપરછ કરતાં યુવકને તેના પિતાનો મોબાઈલ નંબર યાદ કોઈ દાહોદ તાલુકા પોલીસે તે મોબાઈલ નંબર પર ફોન કરી તેના માતાને દાહોદ ખાતે બોલાવી યુવકને તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

તા.૧૭/૦૮/૨૦૨૧ના રોજ રાત્રી દરમ્યાન દાહોદ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે એક જાગૃત નાગરીકનો ફોન આવેલ કે, એક અજાણી વ્યકતી ગલાલિયાવાડ ગામમાં બેસેલ છે. જે બહારનો વ્યક્તી લાગતો હોય અને અસ્થિર મગજનો છે. જેથી પોલીસ સ્ટેશનના અમલદારનાઓ એસી.પો.સબ.ઈન્સ. એમ.એફ ડામોરઓને જાણ કરતાં તેઓએ તાત્કાલિક તે જગ્યાએ અ.હેડ કોન્સ્ટેબલ જવસિંગભાઈ બીલવાળ તથા પોલીસ સ્ટાફના માણસોને મોકલી અજાણી વ્યક્તિને સત્વરે પોલીસ સ્ટેશન ખાતે લઈ આવી હતી. પોલીસ સ્ટેશને લાવ્યાં બાદ અજાણી વ્યક્તીને પોલીસસ્ટાફે ચા – પાણી નાસ્તો કરાવ્યાં બાદ તેના પુરા નામ અને સરનામા બાબતે પુછપરછ કરતાં તેને પોતાનું નામ આયુષકુમાર ઉમાશંકર મિશ્રા (રહે.પટનાકલા ગામતા.જિલ્લો.અનુપપુર રાજ્ય મધ્યપ્રદેશ) જણાવ્યું હતું. આ બાદ તેના માતા – પિતા સગાં વહાલાં બાબતે પુછપરછ કરતાં તે ફક્ત તેન પિતાજીનો મોબાઈલ નંબર યાદ હોય તેના પિતાનો સંપર્ક કરી દાહોદ ખાતે બોલાવતા ત્રણ દિવસે તેના પિતાજી પોલીસ સ્ટેશન ખાતે આવ્યાં હતાં અને પોલીસને જણાવેલ કે, આમારો દીકરો ૩ (ત્રણ) અઠવાડિયાથી ઘરેથી નીકળી ગયેલ છે અને પોતે આજદીન સુધી તેમના સગા વહાલા તથા આજુબાજુનાં વિસ્તારમાં તપાસ કરતા મળી આવેલ ન હતો તેમજ તે માનસીક રોગથી પીડાતો હોય અગાઉ પણ આ રીતે ઘરથી નીકળી ગયેલ હતો. આમ, તેમનો દીકરો પોતાનુ ભાન ભુલી જઇ કોઇ ટ્રેનમાં બેસી જઇ દાહોદમાં ઉતરી ગયેલ ત્યાર બાદ તે દાહોદમા ભટકતો હતો જે પોલીસ હસ્તક છે તેવી જાણ થયેથી તુર્તજ આવી પહોંચી આટલા દિવસ તેમના દીકરાને રહેવા જમવાની સુવિધા કરી આપવા બદલ દાહોદ રૂરલ તથા દાહોદ પોલીસ તેમજ ગુજરાત પોલીસનો ખુબ ખુબ આભાર માન્યો હતો અને આટલા દિવસો બાદ પોતાના પુત્ર સાથે મિલન થતા લાગણી સભર વાતાવરણ બનવા પામેલ હતું બાદ તેઓના પિતા – પુત્રના સબંધના પુરાવા મેળવી વિદાય આપેલ હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.02

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લામાં શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટીમાં

# ૯૦ ટકા શિક્ષકો કસોટીમાં હાજર રહેવાનો શિક્ષણ વિભાગનો દાવો

- જીલ્લામાં ૧૨૪ સ્થળોએ શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટી યોજાશે.
- રાજ્ય પ્રા.શિક્ષણ સંઘ અને રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ વચ્ચે સજજતા કસોટીનો વિવાદ.
- પંચમહાલ જીલ્લામાં ૯૦ ટકા શિક્ષકોએ હોલ ટીકીટ ડાઉનલોડ કરી.

ગોધરા, ગુજરાત રાજ્યમાં આજરોજ પ્રા. શિક્ષકો માટે શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટી યોજાનાર છે. શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટીમાં પ્રાથમિક શિક્ષકો બે ભાગમાં વહેંચાઈ ગયા છે. રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ સજજતા સર્વેક્ષણ કસોટીની તરફેણ કરી રહયો છે. જયારે રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ કસોટીના વિરોધમાં ઉભી છે. આ તમામ વિવાદો વચ્ચે આજે પંચમહાલ જીલ્લામાં ૧૨૪ સ્થળોએ શિક્ષણ સજજતા સર્વેક્ષણ કસોટી લેવનાર છે અને શિક્ષણ વિભાગ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. ૯૦ ટકા થી વધુ શિક્ષકો ભાગ લેનાર છે. હવે જોવાનું રહે કે કેટલા શિક્ષકો શિક્ષણ સજજતા સર્વેક્ષણ કસોટીમાં હાજર રહે છે.

૨૪ ઓગસ્ટના રોજ આજે પ્રાથમિક શિક્ષકો માટે શિક્ષણ સજજતા કસોટી યોજાનાર છે. પંચમહાલ જીલ્લા શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષક સજજતા કસોટીની તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં ૧૨૪ સ્થળે શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટી યોજાનાર છે. જીલ્લામાં ૮૦૦૦ જેટલા પ્રાથમિક શિક્ષકો ફરજ બજાવે છે. શિક્ષણ સજજતા સર્વેક્ષણ કસોટીને લઈ શિક્ષકોના બે સંઘ આમને સામને આવી ગયા છે. તેમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટીની તરફેણ કરી રહ્યો છે. જ્યારે રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ કસોટીના વિરોધ કરી રહી છે. પ્રાથમિક શિક્ષકો માટે યોજાનાર શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટી મરજીયાત હોવાથી શિક્ષકો એ પરીક્ષા આપવી નહિ. તેની તરફેણ કરી રહ્યો છે. પ્રાથમિક શિક્ષકોના બે સંઘો વચ્ચે ચાલતા વિવાદો વચ્ચે પંચમહાલ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને તાલુકા ટી.પી.ઓ. દ્વારા શિક્ષકોને કસોટી આપવા માટે સમજાવ્યા છે અને શિક્ષકો શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટી થી વિદ્યાર્થીઓને શિક્ષણમાં લાભ થશે તેવી સમજ આપી છે. આ કસોટી થી શિક્ષણની નવી યોજનાઓ બનશે અને શિક્ષણનું સ્તર સુધારવાના ભાગરૂપે કસોટી લેવાનાર છે. આ શિક્ષણ સજજતા સર્વેક્ષણ કસોટીનું પરિણામ જાહેર કરવામાં આવશે નહિ. તેવી પ્રાથમિક શિક્ષણ વિભાગે સજજ આપતા જીલ્લાના ૯૦ ઠકા પ્રાથમિક શિક્ષકો પરીક્ષામાં ભાગ લેશે તેવો દાવો કરવામાં આવ્યો છે.

પંચમહાલ જીલ્લા શિક્ષણાધિકારી દ્વારા જીલ્લામાં ૧૨૪ સ્થળો એ યોજાનાર શિક્ષણ સજજતા સર્વેક્ષણ કસોટીના કેન્દ્રો ઉપર ૯૦ ટકા શિક્ષકો કસોટીમાં ભાગ લેશે તેમ જણાવ્યું છે. ત્યારે હવે જોવાનું રહે કે રાજ્યમાં બે પ્રાથમિક શિક્ષક સંઘોમાં શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટીનો વિવાદ વચ્ચે કેટલા શિક્ષકો શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટી આપવા માટે હોલ સુધી પહોંચે છે.

### પંચમહાલ જીલ્લાના ૧૨૪ સ્થળો એ કસોટી યોજાશે

| તાલુકા | શિક્ષકોની સંખ્યા | કસોટીના સ્થળો |
|---|---|---|
| ગોધરા | ૧૮૨૪ | ૩૦ |
| હાલોલ | ૧૦૨૩ | ૧૮ |
| મોરવા(હ) | ૦૯૮૫ | ૧૪ |
| કાલોલ | ૦૮૪૧ | ૧૬ |
| શહેરા | ૧૫૨૪ | ૨૨ |
| જાંબુઘોડા | ૦૨૦૮ | ૦૫ |
| ઘોઘંબા | ૧૧૮૬ | ૧૯ |

## ગોધરા તાલુકા પ્રા. શિક્ષક સંઘ દ્વારા શિક્ષક સજજતા સર્વેક્ષણમાં હાજર રહેવા આહ્વાન કરાયું

ગોધરા તાલુકા પ્રા.શિક્ષક ઘટક સંઘ દ્વારા ૨૪ ઓગસ્ટના રોજ યોજાનાર શિક્ષક સજજતા સર્વેક્ષણ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવવા આહ્વાન કરાયું છે. આમ જ્યારે રાજ્ય પ્રા. શિક્ષણ સંઘના બે સંઘો આમને સામને આવ્યા છે. જ્યારે ગોધરા તાલુકા સંઘ દ્વારા તેની હિમાયત કરવામાં આવી છે. રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની ૨૪ ઓગસ્ટના રોજ શિક્ષક સજજતા સર્વેક્ષણ પરીક્ષા યોજાનાર છે. તેની રાજ્ય પ્રા. શિક્ષક સંઘના બે સંઘો આમને સામને આવી ગયા છે અને શિક્ષક સજજતા સર્વેક્ષણનો વિરોધ કરી રહ્યા છે. તેની વચ્ચે ગોધરા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો દ્વારા મંગળવારના રોજ યોજાનાર શિક્ષક સજજતા સર્વેક્ષણ કાર્યક્રમમાં હાજર રહીને સફળ બનાવવાનું આહ્વાન કરવામાં આવ્યું છે. જ્યારે બીજી રાષ્ટ્રીય શૈક્ષિત મહાસંઘ ગુજરાત સાથે જોડાયેલા શિક્ષકો આ શિક્ષક સજજતા સર્વેક્ષણનો વિરોધ કરી તેમાં હાજર ન રહેવાનો નિર્ણય કર્યો છે.

## શહેરા પ્રા.શાળાના અમુક શિક્ષકો શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટી નહિ આપી શાળામાં હાજર રહેશે

શહેરા, શહેરા તાલુકામાં આવેલ ૨૪૪ પ્રાથમિક શાળાના શિક્ષકો શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટી આપનાર છે. પ્રાથમિક શાળાના ૧૧૦૦થી વધુ શિક્ષકોએ હોલ ટિકિટ ડાઉનલોડ કરી હતી. અમુક શિક્ષકો શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટી નહી આપી ને પ્રાથમિક શાળા ખાતે ફરજ બજાવશે.

શહેરા તાલુકામાં આવેલ ૨૪૪ પ્રાથમિક શાળામાં ૧૫૨૪ જેટલા શિક્ષકો પોતાની ફરજ બજાવે છે. પ્રાથમિક શાળાના શિક્ષકોની શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટી લેવાનાર હોવાથી ૧૧૦૦થી વધુ શિક્ષકોએ હોલ ટિકિટ ડાઉનલોડ કરી હતી. જ્યારે અમુક શિક્ષકો શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટી નહીં આપનાર હોવાનું પણ જાણવા મળી રહ્યુ છે. મંગળવારના રોજ પટીયા, પાલીખંડા, ખોજલવાસા, બોરીયા, મોરવા રેણા સહિત ૨૨ જેટલા સ્થળોએ ૨૪૪ જેટલી પ્રાથમિક શાળાના શિક્ષકો શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટી ઓ.એમ.આર પદ્ધતિથી આપનાર છે. શિક્ષક સજજતા સર્વેક્ષણ કસોટીમાં કેટલા શિક્ષકો હાજર રહશે તે જોવું જ બન્યું છે.

## વરસાદની અનિયમિતતાને લઈ પંચમહાલની પાનમ અને હડફ ડેમમાં ૩૭ ટકા પાણીનો જથ્થો



ગોધરા, રાજ્યમાં હાલ પાછલા વરસાદની અનિયમિતતા વધી છે. બીજી તરફ રાજ્યમાં ચોમાસામાં અપેક્ષિત પ્રમાણમાં વરસાદ વરસ્યો નથી. જેની સીધી જ અસર હાલ રાજયના જળાશયો પર પડી છે. રાજ્યના મોટાભાગના જળાશયોમાં જળસંકટની સ્થિતિ ઊભી થવાના એંધાણ સર્જાયા છે. પંચમહાલ જિલ્લામાં આવેલા મુખ્ય જળાશયો પાનમ અને હડફ ડેમમાં પાણીના સ્તરમાં સતત ઘટાડો થયો છે. જિલ્લાના મુખ્ય જળાશય પાનમ ડેમમાં હાલ માત્ર અંદાજે ૩૭ ટકા જેટલો પાણીનો જથ્થો બચ્યો છે.

રાજ્યમાં હાલ પાછલો વરસાદ અનિયમિત બન્યો છે. રાજ્યમાં ચોમાસાની શરૂઆતમાં વરસાદનું જોર નિયમિત રહ્યું હતું. બાદમાં વરસાદ ખેંચાયો હતો. ત્યારે પંચમહાલ જિલ્લાની પણ સ્થિતિ કંઈક આવી જ થઈ છે. જિલ્લામાં હાલ પાછલો વરસાદ ખેંચાયો છે, જેની સીધી જ અસર પંચમહાલ જિલ્લામાં ખેતી પર નભતા ખેડૂતોને થઈ છે. જિલ્લામાં આવેલા મુખ્ય જળાશયોમાં પણ હાલ જળસ્તર સતત નીચે જઈ રહ્યા છે. પંચમહાલ જિલ્લામાં પાનમ અને હડફ એમ બે મુખ્ય જળાશયો આવેલા છે. જેમાં પાનમ ડેમમાંથી સમગ્ર જિલ્લામાં ખેતી અને પીવા માટે પાણી આપવામાં આવે છે. ચાલુવર્ષે બંને જળાશયોના ઉપરવાસમાંથી પાણીની આવક ઓછી નોંધાઇ છે. જેને લઇને બંને જળાશયોમાં હાલ પાણીનો મર્યાદિત જથ્થો બચ્યો છે. જિલ્લાની જીવાદોરી સમાન પાનમ ડેમની ભયજનક સપાટી ૧૨૭.૪૧ મીટર છે. જ્યારે હાલની જળસપાટી ૧૨૦.૨૫ મીટરે પહોંચી છે. આમ, પાનમ ડેમની જળસપાટી ૭ મીટર ઘટી છે. પાનમ ડેમમાં હાલ ૨૧૮ MCFT પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે એટલે કે ડેમમાં હાલ ૩૭ ટકા પાણીનો જથ્થો બચ્યો છે. જે પૈકીનો ૧૨૦ MCFT જથ્થો આગામી વર્ષ ૨૦૨૨ના જૂન માસ સુધી પાણી પુરવઠા માટે આરક્ષિત રાખવામાં આવશે. જિલ્લાના હાલ વરસાદની સ્થિતિને જોતા પાનમ ડેમમાંથી દૈનિક ૭૦૦ ક્યુસેક પાણી સંરક્ષિત સિંચાઈ કેનાલ દ્વારા ખેતી માટે છોડવામાં આવી રહ્યું છે.

## ઘોઘંબા પોસ્ટ ઓફિસને નિશાન બનાવતા તસ્કરો : ચોરીનો નિષ્ફળ પ્રયાસ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા પોસ્ટ ઓફીસને તસ્કરો દ્વારા બનાવવામાં આવ્યું નિશાન. ઘોઘંબા પોસ્ટ ઓફીસમાં ગત રાત્રે ત્રાટકેલ તસ્કરોએ પોસ્ટ ઓફીસની તિજોરીને તોડવાનો પ્રયાસ કર્યો હતો પણ તિજોરી મજબુત હોવાથી તોડવામાં તસ્તરો નિષ્ફળ રહ્યા હતા. હાલના સમયમાં દરેક ઓફીસોમાં સીસીટીવી કેમેરા લગાવેલા હોય છે ત્યારે ઘોઘંબા પોસ્ટ ઓફીસમાં આજ સુધી કેમ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા નથી. ઘોઘંબા પોસ્ટ ઓફીસની તિજોરી અને અંદરની સાધન સામગ્રીને તસ્કરો દ્વારા કોઇ પણ જાતનું નુકસાન પહોંચાડ્યું નથી. તસ્કરો દ્વારા માત્ર તિજોરી તોડવાનો પ્રયાસ કરી તિજોરી ન તુટ્તા પોસ્ટ ઓફીસમાંથી ભાગી છુટ્યા હતા.

## વર્ષો જુની સ્ટુઅર્ટ લાયબ્રેરીને ભાડે આપવાની નોબત આવી

ગોધરા, ૮ સપ્ટેમ્બર ૧૮૬૬માં પંચમહાલના કલેકટર સ્ટુઅર્ટ દ્વારા ફક્ત ૪૨ પુસ્તકો આપીને લાયબ્રેરીની સ્થાપના કરી હતી. કલેકટરના નામ પરથી લાયબ્રેરીનું નામ સ્ટુઅર્ટ લાયબ્રેરી નામ રાખવામાં આવ્યું હતુ.રામ સાગર તળાવના કિનારે પતરાના છાપરામાં ૪૨ પુસ્તકોથી શરૂ કરેલી લાયબ્રેરી આજે પુસ્તકોનો ભંડાર બની ગયો છે. ૧૫૫ વર્ષ જુની સ્ટુઅર્ટ લાયબ્રેરીમાં હાલ ૩૬૫૦૦ પુસ્તકોનો ભંડાર છે. પણ પુરતા વાંચકો નથી. પુસ્તકાલયમાં ૫૦૦ સભ્યો ઘટીને હાલ ફક્ત ૫૦ સભ્યો લાયબ્રેરીના પુસતકોનું વાંચન કરે છે. વર્ષ ૧૫૫ જુની અને એક સમયે શહેરની શાન ગણાતી સ્ટુઅર્ટ લાયબ્રેરી પોતાનો ખર્ચ કાઢવા લાયબ્રેરીના હોલ ભાડે આપવાનું નક્કી કરીને આર્થીક ભારણ ઓછું કરશે. ત્યારે લાયબ્રેરીની ખાલી ખુરશીઓ વાંચકોની રાહ જોઇ રહ્યું છે. ત્યારે હસ્ત લેખીત પુસ્તકો અને અસંખ્ય પુરાણીક અને અભ્યાસલક્ષી પુસ્તકોની સજ્જ સ્ટુઅર્ટ લાયબ્રેરીની આજના યુવાનો એક લટાર મારે ચોક્કસ વાંચનનું ઘેલું લાગી જશે.ગોધરા સહીત જિલ્લાને ગર્વ લેવા જેવી વર્ષો જુની ઐતિહાસિક સ્ટુઅર્ટ લાયબ્રેરી હાલ આર્થીક સકડામણ અનુભવી રહી છે. આધુનિક જમાનામાં વાંચનનું સ્તર નીચે જતાં લાયબ્રેરીના સભ્ય સતત ઘટીને ૫૦ સભ્ય પણ આવી ગયા છે. લાયબ્રેરીમાં ૨૩૮૪૪ ગુજરાતી, ૭૧૧૩ અગ્રેજી, ૫૩૩૨ હિન્દી તથા ૨૦૩ સંસ્કૃત સહીતની ભાષાના પુસ્તકો વાંચન માટે છે. લાયબ્રેરીએ આધુનિકતા અપનાવીને કોમ્પુટરમાં પુસ્તકોનું લીસ્ટ અને સ્કેનર મશીનથી કામગીરી ચાલુ કરી પણ મોબાઈલ યુગમાં વાચકો ન આવતાં લાયબ્રેરીની ખુરશીઓ ખાલી પડી રહી છે.દાતાઓથી પુસ્તકો સાથે નાણાંની સહાય કરે છે. પણ એ સહાય પુસ્તકો અને લાયબ્રેરીની જાળવણીમાં પણ ઓછી પડતાં લાયબ્રેરીની નીચે આવેલા હોલને ભાડે આપીને લાયબ્રેરીની આર્થીક સકડામણનું ભારણ ઓછું કરવાનું લાયબ્રેરીના ટ્રસ્ટીઓએ નક્કી કર્યું છે. સ્ટેઅર્ટ લાયબ્રેરીમાં ઈ.સ ૧૮૦૦ની સાલના અંદાજીત બે થી ત્રણ કિલો વજન ધરાવતાં ઐતિહાસિક પુસ્તકો પણ સાચવેલા છે. વર્ષ ૧૯૧૯માં રાજકીય પરીષદ વખતે મહાત્મા ગાંધીજી સાયકલ લઇને લાયબ્રેરીની મુલાકાત લીધી હતી. દેશની ઐતિહાસીક લાયબ્રેરીમાં ગોધરાની સ્ટેઅર્ટ લાઈબ્રેરી આવે છે. ત્યારે ગોધરાની સ્ટુઅર્ટ લાયબ્રેરીની શહેરીજનો મુલાકાત લઈને પુસ્તકાલયમાં ઈતિહાસ અને હાથથી લખેલા પુસ્તકોનુ વાંચનથી ભારતના ઈતીહાસનું જ્ઞાન મળશે.

## શહેરાના માતરીયા વ્યાસ ગામે ૭૨મો વન મહોત્સવ ઉજવાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરાનાં માતરીયા વ્યાસ ગામની ડુંગરા ફળિયા શાળા ખાતે ૭૨મા વન મહોત્સવ જિલ્લા પંચાયતના કારોબારી અદયક્ષ અને ગામના સરપંચની ઉપસ્થિતિમાં યોજાયો હતો. મહાનુભાવો, સરપંચ તેમજ વન વિભાગના અધિકારીના હસ્તે.

ગ્રામજનોને ૨૦૦૦ રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શહેરા તાલુકાના માતરીયા વ્યાસ ગામની ડુંગરા ફળિયા શાળાના પંટાગણમા ૭૨મો વન મહોત્સવ જિલ્લા કારોબારી અધ્યક્ષ દુધાભાઈ બારીયા અને ગામના સરપંચ ધર્મેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. વન મહોત્સવમાં જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ દુધાભાઈ બારીયા, તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, ભાજપ મહામંત્રી સંજયભાઈ બારીઆ, કૃપાલ સિંહ પરમાર, ગામના સરપંચ પટેલ ધર્મેન્દ્રસિંહ તેમજ વિસ્તરણ રેન્જ શહેરાના પરિક્ષેત્ર વનવિભાગ અધિકારી પી.વી. ભગોરા સહીત ઉપસ્થિત મહાનુભવોના હસ્તે દિપપ્રાગટ્ય કરીને વન મહોત્સવના કાર્યક્રમને ખુલ્લો મુકવામા આવ્યો હતો. આ કાર્યક્રમમા ઉપસ્થિત મહાનુભાવો અને વન વિભાગ દ્વારા પર્યાવરણને લઈને જનજાગૃતિ સંદેશો પાઠવવા સાથે ગ્રામજનોને વૃક્ષો રોપીને તેનુ જતન કરવાની હાકલ કરી હતી. શાળાના મેદાનમા આવેલી ખુલી જગ્યામાં મહાનુભાવો, સરપંચ તેમજ અગ્રણીઓએ આસોપાલવ, નીલગીરી, તુલસી, લીમડો સહીત વિવિધ છોડોનું વૃક્ષારોપણ કરેલ હતું. ગામના અગ્રણી અરવિંદસિંહ જોખનાભાઈ પટેલ, જશવંતસિંહ મથુરભાઈ બારીયા, કાભસિંહ ગુલાબ પગી તેમજ ડેપ્યુટી સરપંચ અરવિંદસિંહ પરમાર, ગામના સરપંચ પટેલ ધર્મેન્દ્રસિંહ અને શાળા પરિવાર દ્વારા ગ્રામજનોને ૨૦૦૦ જેટલા વિવિધ જાતિના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વનવિભાગના અધિકારી અને સ્ટાફ દ્વારા ઉપસ્થિત સૌને છોડનું વિતરણ કરીને પર્યાવરણને લગતો સંદેશો આપ્યો હતો.

## ગોધરામાં યોજાયો ઓલ ઈન્ડિયા હજ વેલફેર સોસાયટી દ્વારા સન્માન સમારોહ



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા, "આપકા એવોર્ડ આપકે શહર મેં"ના ઉદેશ્યથી આજ રોજ ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ મસ્જિદે આદમ અલ હયાત કોવિડ સેન્ટર ખાતે જનાબ મુફ્તી સૈયદ સજ્જાદના નેતૃત્વ હેઠળ ઓલ ઈન્ડિયા હજ વેલફેર સોસાયટી દ્વારા સન્માન સમારોહ યોજાયો હતો.

જેમાં મુખ્ય અતિથિ તરીકે ગોધરા પોલન બજાર ઉર્દૂ કુમાર શાળાના આચાર્ય મૌલાના ઈકબાલ બોકડા સાહેબ, હજ વેલફેર સોસાયટીના મહાનુભાવો, અલ–હયાત ટ્રસ્ટના પ્રમુખ હાજી અબ્દુલ કાદીર હયાત, ઉપપ્રમુખ મૌલાના અબ્દુલ સમદ હયાત, ડો.અનવર કાચબા, ડો.હફસાબેન, ટ્રસ્ટના સુપરવાઈઝર સિદ્દિક ભાઇ વગેરે હાજર રહ્યા હતા.

આ પ્રસંગે મૌલાના ઈકબાલ બોકડા દ્વારા અલ હયાત ટ્રસ્ટના સેવા કાર્યની વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. ગોધરા મુસ્લિમ સમાજની પ્રથમ ગાયનેક ડો.ફાએઝા હુસેન ઘાંચીભાઇને ફખ્રે મિલ્લત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર અલ–હયાત કોવિડ સેન્ટર તથા તેમા સેવા આપતા તબીબો, નર્સિંગ સ્ટાફ, મસ્જિદ કમિટી તથા અલ–હયાત ટ્રસ્ટને શાન–એ મિલ્લત એવોર્ડથી સન્માનિત કરાયા હતા. સાથે અલ–હયાત કોવિડ સેન્ટર દ્વારા કોરોનાના કપરા સમયે કરાયેલ માનવ સેવાની પ્રશંસા કરવામા આવી હતી.

## આદર્શ નિવાસી શાળા (વિ.જા) હાલોલનો લોકાપર્ણ સમારોહ યોજાશે

ગોધરા, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ તેમજ વિચરતી–વિમુકત જાતિના બાળકો માટે વિનામુલ્યે અભ્યાસ અને નિવાસની સુવિધા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળા (વિ.જા) હાલોલ નો લોકાપર્ણ સમારોહ તા.૨૬/૦૮/૨૦૨૧ ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારના વરદ હસ્તે અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ, પ્રવાસનના રાજયકક્ષાના મંત્રી વાસણભાઈ આહીર તેમજ કૃષિ,પંચાયત, પર્યાવરણ(સ્વતંત્ર હવાલો) રાજયકક્ષાના મંત્રી જયદ્રથસિંહ પરમારની વિશેષ ઉપસ્થિતમાં તથા મુખ્ય મહેમાન પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ,છોટાઉદેપુર સાંસદમતિ ગીતાબેન રાઠવા અને અતિથિ વિશેષ ધારાસભ્યો ગોધરા, સી.કે.રાઉલજી, કાલોલ, મતિ સુમનબેન ચૌહાણ, શહેરા, જેઠાભાઈ આહિર, મોરવા(હ), નિમિષબેન સુથાર તેમજ પંચમહાલ જિલ્લા પંચાયત પ્રમુખ કામીનીબેન સોલંકી, હાલોલ નગરપાલીકા પ્રમુખમતિ વિભાક્ષીબેન દેસાઈ, હાલોલ તાલુકા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ ચાવડાની ઉપસ્થિતમાં યોજાશે.

## ગોધરા લુણાવાડા રોડ પર પંચામૃત ડેરી પાસે કારમાં લાગી આગ : જાનહાનિ ટળી



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, આજરોજ સવારના અરસામાં ગોધરા શહેરના લુણાવાડા રોડ પર આવેલ પંચામૃત ડેરી પાસે એક કારમાં આગની ઘટના બનવા પામી છે.

પંચમહાલ ડેરી પાસેથી પસાર થઈ રહેલી ઈઓન કારમાં આગ લાગી હતી. જેમાં ડેરીના કર્મચારીઓએ આગને કાબુમાં લેવાના પ્રયત્નો કર્યા હતા. જો કે, આ આગની ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી નહોતી. શોર્ટસર્કિટને લઈને કારમાં આગ લાગી હોવાનું પ્રાથમિક કારણ સામે આવ્યું છે.

## ગોધરા શહેરના સિગ્નલ ફળિયા ગરનાળા પાસેથી શહેર બી ડિવિઝન પોલીસની ટીમ દ્વારા શંકાસ્પદ ૧૭૫ કિલોગ્રામ માંસનો જથ્થો ઝડપી પાડયો

ગોધરા, ગોધરા શહેર બી ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે, મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે થી ગૌવંશની કતલ કરીને ગૌમાંસનો જથ્થો ગોધરા તરફ લાવવામાં આવી રહ્યો છે. જેના આધારે પોલીસ અને ગૌરક્ષકોની ટીમ દ્વારા ગત ૨૨ તારીખે ગોધરા શહેરના સિગ્નલ ફળિયા ગરનાળા પાસે વોચ ગોઠવવામાં આવી હતી. જે દરમ્યાન બપોરના અરસામાં બાતમી મુજબની રિક્ષા આવતા પોલીસે તેને રોકી તપાસ કરી હતી. તપાસ દરમ્યાન રિક્ષામાંથી પાંચ જેટલા થેલા મળી આવ્યા હતા. પોલીસે થેલા ખોલીને અંદર જોતા શંકાસ્પદ માંસનો ૧૭૫ કિલોગ્રામ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રિક્ષામાં માંસનો જથ્થો લઈને આવેલા અને કાયદાના સંઘર્ષમાં આવેલા ત્રણ બાળકો તથા યાસીન મયુદ્દીન પઠાણ ઉર્ફે શાલીમાર, એઝાઝ કુરેશી, અને મકબુલ કુરેશીની પૂછપરછ હાથ ધરી હતી. જેમાં બહાર આવ્યું હતું કે, આ માંસનો જથ્થો ગોધરા શહેરના ઈકરામ ઈસહાક ઘંત્યાં, અસલમ અમિરૂદ્દીન શેખ ઉર્ફે બંગડીવાળો અને ખદીજા હજિયાણીએ મંગાવ્યો હતો. પોલીસે શંકાસ્પદ માંસનો જથ્થો, રિક્ષા અને બે મોબાઈલ ફોન મળીને કુલ રૂ ૬૯ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે માંસના નમૂના લઈ વેટરનરી લેબમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યા હતા. જ્યારે અન્ય માંસને દાટી દઈ તેના નિકાલની વ્યવસ્થા કરવામાં આવી હતી.